પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૨-૧૦-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૫૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# દિલ્હીમાં કોંગ્રેસની આગેવાની હેઠળ વિપક્ષી દળોની કૂચ

## સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સુર્યકાંત વિપક્ષના નેતાઓને મળશે નહીં : કોકરોચ જનતા પાર્ટીએ શાંતિપૂર્વક દેખાવોની મંજુરી માંગી



**નવી દિલ્હી,તા.૧૨**

મુખ્ય ચુંટણી કમિશ્નર સામેના આંદોલનમાં આજે ઈન્ડીયા ગઠબંધનના વિપક્ષના નેતા રાહુલ ગાંધી આજે સુપ્રીમ કોર્ટ સુધીની કૂચનું આયોજન કર્યુ છે. જેને ચલો દિલ્હીના નારા સાથે 'માર્ચ-ફોર ડેમોક્રસી' નામ આપ્યુ છે.

જો કે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સુર્યકાંતે વિપક્ષને મળવાનો કે કોઈ આવેદન નહી સ્વીકારવાની જાહેરાત કરી છે પણ આજના દેખાવોના પગલે દિલ્હીના મહત્વના સાત મેટ્રો સ્ટેશન પણ બંધ કરી દીધા છે.

તો બીજી તરફ કોકરોચ જનતા પાર્ટીએ સંસદ ભવન પોલીસ સ્ટેશને પહોંચીને શાંતિપૂર્વકના પ્રદર્શનની મંજુરી આપવા માંગ કરી છે. સીજેપીના વડા અભિજીત દીપકેએ કહ્યું કે જો અમોને મંજુરી નહી મળે તો અમો પોલીસ સ્ટેશનની સામે શાંતિપૂર્વકના ધરણા-દેખાવો કરીશું.

વિપક્ષની કૂચમાં રાહુલ ગાંધી મલ્લીકાર્જુન ખડગે તથા ઈન્ડીયા ગઠબંધનના નેતાઓ સામેલ થયા છે. કોંગ્રેસ પક્ષે તેના તમામ સાંસદોને દિલ્હીમાંજ રહેવા તથા કૂચમાં જોડાવા જણાવ્યું હતું. રાહુલ ગાંધીએ બપોરે ૪થી૫ વચ્ચે મળવાનો સમય મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ માંગ્યો હતો પણ ચીફ જસ્ટીસે મળવાનો ઈન્કાર કરી દીધો છે.

કોંગ્રેસ સહિત ૈંદ્ગડ્ઢૈંછ બ્લોકના વિપક્ષી પક્ષો આજે સુપ્રીમ કોર્ટ સુધી માર્ચ કરશે. તેનું નામ 'ચાલો દિલ્હી માર્ચ ફોર ડેમોક્રસી' રાખવામાં આવ્યું છે. વિપક્ષી નેતાઓ બપોરે ૧:૩૦ વાગ્યે કનોટ પ્લેસ-બારાખંભા રોડ જંક્શન પર એકત્ર થશે. વિપક્ષનો દાવો છે કે સુપ્રીમ કોર્ટ સુધી આ પ્રકારની માર્ચ પહેલી વાર કાઢવામાં આવી રહી છે.

રાહુલે કહ્યું, "આજનો માર્ચ ૧.૩૦ વાગ્યાથી બારાખંભાથી શરૂ થશે. બધા લોકો આવી શકે છે. બંધારણની રક્ષા કરો. નરેન્દ્ર મોદીનો સંપૂર્ણ બ્લૂપ્રિન્ટ અમારી પાસે છે. આ બંધારણને બચાવવાની લડાઈ છે. તેમાં રાહુલ ગાંધી કે નરેન્દ્ર મોદી નથી. આ હિંદુસ્તાનની જનતાનું મહત્વ છે. દેશના દરેક યુવાનને કહી રહ્યો છું કે આ તમારા ભવિષ્ય અને તમારા સન્માનની લડાઈ છે. જો તમે આવી ન શકો તો ૩ વાગ્યે જ્યારે અમે સુપ્રીમ કોર્ટની સામે હોઈશું, ત્યારે અમારી સાથે એકતા દર્શાવો. જે રીતે પણ આ કરી શકો, તમારી અભિવ્યક્તિ કરો. જણાવો કે જે થઈ રહ્યું છે, અમે તેની વિરુદ્ધ છીએ. અમે આવું થવા નહીં દઈએ."

રાહુલે કહ્યું, "જેઓ જૂઠાણાં સાથે છે, તેઓ થાકી જશે. મોદીજી, તમારી સરકારના ૨૦૦ અધિકારીઓ અમારા સંપર્કમાં છે, તેઓ માહિતી આપી રહ્યા છે. જ્યાં સુધી ચૂંટણી પંચ નહીં જાય, જ્યાં સુધી ન્યાય નહીં મળે, ત્યાં સુધી હિન્દુસ્તાનનો યુવાન અટકવાનો નથી. તેમણે હિન્દુસ્તાનની આત્મા પર હુમલો કર્યો છે."

અનુસંધાન પાના ૭ પર

## અમારું પ્રદર્શન શિવજીનો વરઘોડો છે : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા. ૧૨

આ શિવનું તાંડવ છે, આમાં કોઈ પ્લાનિંગ ન હોય:વિપક્ષનો વિરોધ શિવની બારાત છે, એમાં કોઈપણ જોડાઈ શકે છે; રાહુલ ગાંધી

રાહુલ ગાંધીએ વિપક્ષના માર્ચ પહેલાં સોમવારે કહ્યું, 'અમારું પ્રદર્શન શિવજીનો વરઘોડો છે. તેમાં કોઈપણ આવી શકે છે. અમે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવા જઈ રહ્યા છીએ. તમે કોઈપણ વિચારધારાના હો, તમે અમારી સાથે જોડાઈ શકો છો.

તેમણે કહ્યું, 'સરકાર સાથે અમારી કોઈ વ્યક્તિગત લડાઈ નથી. આ બંધારણ બચાવવાની ઝુંબેશ છે. જ્યાં સુધી ન્યાય નહી મળે, ત્યાં સુધી અમે અટકીશું નહી. સરકારે દેશની આત્મા પર હુમલો કર્યો છે.'

તેમણે કહ્યું, 'દિલ્હીને કિલ્લામાં ફેરવી દેવામાં આવ્યું છે. ટ્રેનો અને બસો રોકવામાં આવી રહી છે. જ્યાં સુધી CEC જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે, ત્યાં સુધી અમે અટકીશું નહી અને પ્રદર્શન કરતા રહીશું.'

તેમણે કહ્યું, "અમારું પ્રદર્શન શિવજીનો વરઘોડો છે, તેમાં કોઈ આયોજન હોતું નથી. આજે અમે સુપ્રીમ કોર્ટમાં જઈ રહ્યા છીએ. કોઈ યોજનાની જરૂર નથી."

# દિલ્હીમાં એક હજારથી વધુ જર્જરીત ઈમારતો તોડવાની કાર્યવાહી ચાલુ

### અત્યાર સુધી દિલ્હીમાં નગર નિગમે ૪૭ જર્જરીત ઈમારતો તોડી પાડી

**નવી દિલ્હી,તા.૧૨**

દિલ્હી નગર નિગમ (એમસીડી)એ રાજધાનીમાં ગેરકાયદેસર બાંધકામો અને જર્જરિત ઈમારતો વિરુદ્ધ કાર્યવાહી તેજ કરી છે. સીએમ રેખા ગુપ્તાના જણાવ્યા અનુસાર, ૬ સપ્ટેમ્બરથી ૧૦ ઑક્ટોબર દરમિયાન તમામ ૧૨ ઝોનમાં ૧,૦૪૬ મિલકતોને તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવી.આ દરમિયાન ૨૮૨ મિલકતોને સીલ કરવામાં આવી અને ૪૭ જર્જરિત ઈમારતોને તોડી પાડવામાં આવી. સીએમએ નિગમને સૂચના આપી છે કે ગેરકાયદેસર ઈમારતો વિરુદ્ધ કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવે અને તેની ગતિ વધારવામાં આવે.હકીકતમાં, ૭ ઑક્ટોબરે ન્યૂ સીમાપુરી વિસ્તારમાં ઈદગાહ માછલી મંડી પાસે ચાર માળની ઈમારત ધરાશાયી થઈ હતી. આ અકસ્માતમાં ૫ લોકોનાં મોત થયા હતા. અકસ્માતમાં ૮ લોકો ઘાયલ થયા હતા.સીમાપુરીમાં બિલ્ડિંગ ધરાશાયી થયા બાદ સંબંધિત એજન્સીઓએ એક અસુરક્ષિત ઈમારતને તોડી પાડી। દિલ્હી શહેરી આશ્રય સુધાર બોર્ડ (ડુસિબ)એ અન્ય ત્રણ મકાનોને નોટિસ ફટકારી છે.તમામ ૧૨ ઝોનમાં કાર્યવાહી કરવામાં આવી. તેમાં નરેલામાં ૬૨, રોહિણીમાં ૧૫૮, સિવિલ લાઇન્સમાં ૬૩, કેશવપુરમમાં ૬૧, સિટી એસપી ઝોનમાં ૮૭, કરોલ બાગમાં ૮૫, શાહદરા સાઉથમાં ૮૭, શાહદરા નોર્થમાં ૧૧૫, વેસ્ટ ઝોનમાં ૮૭, નજફગઢમાં ૪૫, સેન્ટ્રલ ઝોનમાં ૭૫ અને સાઉથ ઝોનમાં ૧૨૧ મિલકતો સામે ધ્વંસની કાર્યવાહી કરવામાં આવી.

MCD મુજબ, ઈમારત દિલ્હી અર્બન શેલ્ટર ઈમ્પ્રૂવમેન્ટ બોર્ડ (DUSIB)ની આશરે ૨૫ વર્ગ ગજ જમીન પર બનાવવામાં આવી હતી અને તે ૨૦-૨૫ વર્ષ જૂની હતી. અધિકારીઓએ તેને ગ્રાઉન્ડ પ્લસ ૩ માળની ઈમારત ગણાવી હતી, જ્યારે સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ તેમાં ૫ માળ હતા.

અનુસંધાન પાના ૭ પર

# છૂટક મોંઘવારી દર ૫.૯ ટકા સુધી પહોંચી જવાનો અંદાજ

### મોંઘવારી વધતા આમ જનતાના બજેટ પર સીધી અસર પડશે

**નવી દિલ્હી,તા.૧૨**

ખાવા-પીવાની વસ્તુઓની વધતી કિંમતો, ઉર્જા ખર્ચમાં વધારો અને પ્રતિકુળ આધાર પ્રભાવના કારણે દેશમાં છૂટક મોંઘવારી સતત વધવાનું અનુમાન છે. સપ્ટેમ્બરમાં છુટક મોંઘવારી દર વધીને ૫.૬ ટકા પર પહોંચી શકે છે, જે લગભગ ૨૩ મહિનાના ઉચ્ચસ્તરે હશે. આ પહેલા ઓગસ્ટમાં તે ૪.૮૨ ટકા નોંધાયો હતો.

અર્થશાસ્ત્રીઓના સર્વેક્ષણમાં સપ્ટેમ્બરની મોંઘવારી ૫ ટકાથી ૫.૯ ટકા વચ્ચે રહેવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. સપ્ટેમ્બરના અધિકૃત આંકડા આજે ૧૨ ઓકટોબરે જાહેર થવાના છે એટલે ૫.૬નો આંકડો હાલ અનુમાન છે અંતિમ સરકારી આંકડો નથી.

મોંઘવારીમાં આ તેજીની સીધી અસર સામાન્ય પરિવારોના બજેટ પર પડી શકે છે, શાકભાજી, દાળો, અનાજ ખાદ્યતેલ અને પ્રોટીનયુક્ત ખાદ્ય પદાર્થોની કિંમતોમાં વધારાથી ઘરેલુ ખર્ચ વધશે. જ્યારે કાચા તેલની મોંઘી કિંમતોની અસર પરિવહન અને અન્ય વસ્તુઓની કિંમત પર પણ પડી શકે છે. છૂટક મોંઘવારીમાં તેજીનું વલણ એપ્રિલથી જ જોવા મળી રહ્યું છે.

એપ્રિલમાં ગ્રાહક સૂચકાંક (સીપીઆઇ) આધારિત મોંઘવારી ૩.૪૮ ટકા હતી જે મેંમાં વધીને ૩.૯૩ ટકા અને જુનમાં ૪.૩૮ ટકા થઇ ગઇ, જુલાઈમાં તે ૪.૪૫ ટકા અને ઓગસ્ટમાં ૪.૮૨ ટકા પર પહોંચી ગઇ. સપ્ટેમ્બર માટે અનુમાન સાચા સાબિત થવા પર મોંઘવારી સતત ૬ઠ્ઠા મહિને વધશે. ખાદ્ય મોંઘવારી આ વધારાનું મુખ્ય કારણ છે.

ખાદ્ય પદાર્થોનો ગ્રાહક મૂલ્ય સૂસકાંકમાં મોટો ભાગ છે. ડુંગળીઓ અને અન્ય શાકભાજીઓની સાથે-સાથે અનાજ, વિવિધ દાળો, ખાદ્ય તેલ અને ખાંડની

અનુસંધાન પાના ૭ પર

# રિયાધ એરપોર્ટ પર વધુ એક હુમલામાં પાક. નાગરીકનું મોત

### નવા હુમલામાં ૧નું મોત, ૧૨ ઘાયલ : વિમાની મથકે નાસભાગ-ભયનો માહોલ

**રિયાધ તા.૧૨**

મધ્ય પૂર્વમાં યુદ્ધનું કેન્દ્ર હવે ઈરાનથી ખસીને સાઉદી અરેબિયા તરફ વળતું જોવા મળી રહ્યું છે. સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ સ્થિત કિંગ ખાલિદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર યમનના હૂથી વિદ્રોહીઓએ સતત બીજા દિવસે પણ ખતરનાક હુમલો હતો. આ હુમલાને કારણે એરપોર્ટ પર ભારે અફરાતફરી મચી ગઈ હતી અને વ્યાપક નુકસાન થયું છે.

ડાકુમેન્ટરી ફૂટેજ અને રિપોર્ટ્સ અનુસાર, જ્યારે આ હુમલો થયો ત્યારે મોટી સંખ્યામાં ઉમરાહ માટે આવેલા યાત્રીઓ પોતાની ફ્લાઇટ્સમાં સવાર થવા માટે લાઈનમાં ઊભા હતા. અચાનક વિસ્ફોટ થતાં જ એરપોર્ટ પર નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી અને લોકો જીવ બચાવવા માટે અત્રતત્ર દોડવા લાગ્યા હતા.

સાઉદી નાગરિક ઉડ્ડયન સત્તામંડળના જણાવ્યા અનુસાર, રિયાધ એરપોર્ટ પર થયેલા આ નવા હુમલામાં એક પાકિસ્તાની નાગરિકનું મૃત્યુ થયું છે, જ્યારે ૧૧ અન્ય લોકો ઘાયલ થયા છે. તમામ ઘાયલોને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

અધિકારીઓએ જણાવ્યું કે એરપોર્ટની સંપત્તિને પણ મોટું નુકસાન પહોંચ્યું છે, જેનું હાલ આકલન કરવામાં આવી રહ્યું છે. આ અગાઉ

અનુસંધાન પાના ૭ પર

# ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહુની ખુરશી પર સંકટ

### ઈઝરાયલની ચૂંટણીના સર્વેમાં વિપક્ષો જીતી જાય તેવા સંકેત

**તેલઅવીવ,તા.૧૨**

ઈઝરાયલમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની ખુરશી પર સંકટ તોળાઈ રહ્યું છે. ૨૭ ઓક્ટોબરે યોજાનારી ચૂંટણી પહેલાં આવેલા ૪ મુખ્ય સર્વેમાંથી ૨માં વિપક્ષી પક્ષ આગળ છે, જ્યારે એકમાં બંને પક્ષો બરાબરી પર છે અને એકમાં નેતન્યાહૂની પક્ષ આગળ છે.

કોઈપણ સર્વેમાં એકપણ પક્ષને સરકાર બનાવવા માટે જરૂરી બેઠકો મળતી દેખાઈ રહી નથી. આવી સ્થિતિમાં ચૂંટણી બાદ સત્તાની ચાવી નાના પક્ષોના હાથમાં જઈ શકે છે.

ઈઝરાયલની સંસદમાં કુલ ૧૨૦ બેઠકો છે. સરકાર બનાવવા માટે કોઈપણ પક્ષને ઓછામાં ઓછા ૬૧ બેઠકોનું સમર્થન જરૂરી છે. ચૂંટણી પહેલાં આવેલા ચાર મુખ્ય સર્વેમાં કોઈપણ પક્ષને આ આંકડો મળતો દેખાઈ રહ્યો નથી.

યેરુશલમના મહાને યેહુદા બજારમાં ચૂંટણીના પોસ્ટરો વચ્ચે ૭૬ વર્ષીય ફળવિક્રેતા અબ્રાહમ લેવીને વિશ્વાસ છે કે નેતન્યાહૂ ફરી સરકાર બનાવશે. તેઓ કહે છે, 'નેતન્યાહૂએ પોતાનું કામ પૂરું કરવાનું છે.'

પરંતુ આ જ શહેરની જાફા સ્ટ્રીટ પર દુકાનદાર ઈલ્ડાનો અભિપ્રાય અલગ છે. તેમનું કહેવું છે કે હમાસના હુમલાની જવાબદારી નેતન્યાહૂએ લેવી જોઈએ. તેલ અવિવના જાફા વિસ્તારમાં રહેતા તુર્ગેમાન પણ પરિવર્તન ઇચ્છે છે. તેઓ કહે છે કે તેઓ ગાદી આઇઝનકોટનું સમર્થન કરશે.

લોકોના આ જુદા જુદા અભિપ્રાયો ઈઝરાયલના ચૂંટણી માહોલને દર્શાવે છે. અહીં કેટલાક લોકો નેતન્યાહૂને ફરી તક આપવા માગે છે, તો કેટલાક હમાસના હુમલા બાદ સરકારની જવાબદારી નક્કી કરવાની માગ કરી રહ્યા છે.

ઈઝરાયલમાં ૭ ઑક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસના હુમલામાં આશરે ૧,૨૦૦ લોકો માર્યા ગયા

અનુસંધાન પાના ૭ પર

# હિમાચલ-ઉત્તરાખંડમાં હિમવર્ષા દિલ્હી-એનસીઆરમાં વરસાદ

### લખનઉના પુરગ્રસ્ત વિસ્તારની કોલોનીઓમાં કમર સુધી પાણી

**નવી દિલ્હી,તા.૧૨**

દિલ્હીના અનેક વિસ્તારોમાં સોમવારે સવારે વરસાદ પડ્યો. તે જ સમયે ઉત્તર પ્રદેશના નોઈડા, ગાઝિયાબાદ અને અલીગઢ સહિત ૫ શહેરોમાં વરસાદ પડી રહ્યો છે. લખનઉ સતત ૧૫મા દિવસે પણ પૂરથી પ્રભાવિત છે. વસાહતોમાં કમર સુધી પાણી ભરાયેલું છે.

૪૦ હજારથી વધુ ઘરો હજુ પણ પાણીમાં ડૂબેલા છે. ૩ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. ચંદ્રિકા દેવી મંદિર પરિસરમાં પણ ઘૂંટણ સુધી પાણી ભરાયેલું છે. હવામાન વિભાગે પશ્ચિમ ઉત્તર પ્રદેશના ૧૫ જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

ઉત્તરાખંડના કેદારનાથ અને પિથોરાગઢના ઊંચાઈવાળા વિસ્તારોમાં રવિવારે હિમવર્ષા થઈ. નૈનીતાલમાં ભારે કરા પડ્યા, જ્યારે ઋષિકેશ,

અનુસંધાન પાના ૭ પર

# ખૈબર પખ્તુનખ્વાના સીએમ સોહેલ અફ્રિદીની ધરપકડ

### આતંકવાદને રોકવામાં નિષ્ફળતાનું કારણ ધરીને પીટીઆઈ સરકાર બરતરફ

**કરાચી, તા. ૧૨**

પાકિસ્તાનમાં રાજકીય સંકટ વધુ ઘેરૂ બન્યું છે, જ્યાં રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ સંવિધાનના અનુચ્છેદ ૨૩૨ અને ૨૩૪ હેઠળ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં કટોકટી (ઈમરજન્સી) ની ઘોષણા કરી દીધી છે.

આ નિર્ણયના કારણે પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) ના નેતૃત્વ હેઠળની પ્રાંતીય સરકાર સત્તાવાર રીતે નિલંબિત કે બરખાસ્ત થઈ ગઈ છે. કેન્દ્ર સરકારે પ્રાંતમાં કથળેલી કાયદો અને વ્યવસ્થા તેમજ વધતા આતંકવાદી હુમલાઓને આ કટોકટી પાછળનું મુખ્ય કારણ ગણાવ્યું છે.

વડાપ્રધાન શહેબાઝ શરીફની સરકાર અને સેના દ્વારા એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે ખૈબર પખ્તુનખ્વાની સરકારે આતંકવાદ સામેની

અનુસંધાન પાના ૭ પર




### દિવાળીના તહેવારોમાં મુસાફરોની સુવિધા માટે

# સુરત એસટી નિગમ ૧૬૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવશે : નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

**આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવનારને એસટી આપના દ્વારે યોજના હેઠળ તેમની સોસાયટીથી વતન સુધીની બસ સુવિધાનો લાભ**



(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને આયોજન હેઠળ રોડ કનેક્ટિવિટી અને જાહેર પરિવહન સેવાને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે વધુ સુદ્રઢ અને મુસાફરલક્ષી બનાવી છે. આ વર્ષે એસ.ટી.નિગમ દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાને લઈ વતનમાં જવા તા.૦૪ થી ૦૭ નવેમ્બર દરમિયાન સુરતથી ૧૬૦૦ એક્સ્ટ્રા બસો દોડાવશે એમ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે.

પ્રથમ નોરતે સુરત સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં આ વિષે વધુ વિગતો આપતાં નાયબ મુખ્યામંત્રીશ્રીએ દિવાળીના દિવસોમાં સુરત શહેરમાંથી પોતાના વતન તરફ હજારોની સંખ્યામાં લોકો જતા હોય છે. જેને ધ્યાને લઈને સુરત એસ.ટી વિભાગ દ્વારા તા.૦૪ થી ૦૭ નવેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, પંચમહાલ સહિત અન્ય જિલ્લાઓમાં વિવિધ સ્થળોએ ૧૬૦૦ જેટલી વધુ બસો દોડાવવામાં આવશે. વધુ માંગ હશે તો વધુ બસો ફાળવવાની પણ નિગમની તૈયારી છે. સાથે જ આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવનારને 'એસ.ટી. આપના દ્વારે' યોજનાને આધારે મુસાફરોને સીધું તેમની સોસાયટીથી વતન સુધી પહોંચાડવાની સુવિધા પણ અપાશે.

એક્સ્ટ્રા બસો સાંજે ૦૪.૦૦ થી રાત્રે ૧૦.૦૦ કલાક સુધી દોડાવવામાં આવશે. જે માટે ઓછા ભાડામાં નિયત અને આયોજનબદ્ધ મુસાફરીનો લાભ લેવા નાયબ મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોને એડવાન્સ બુકિંગ કરવા અનુરોધ કર્યો હતો. સાથે જ સુરતમાં રોજગાર માટે અન્ય નજીકના રાજ્યોમાંથી આવેલા પરપ્રાંતીય મુસાફરો માટે પણ ચોક્કસ એડવાન્સ બુકિંગને આધારે બસની વ્યવસ્થા કરવાની તૈયારી નાયબ મુખ્યમંત્રીશ્રીએ બતાવી હતી. એક્સ્ટ્રા બસોનું ગ્રુપ બુકિંગ એસ.ટી. સેન્ટ્રલ બસ સ્ટેશન સુરત તેમજ અડાજણ બસ પોર્ટ ખાતે આવેલ સુરત સિટી ડેપો ખાતેથી કરી શકાશે. પ્રેસ કોન્ફરન્સમાં એસટીના વિભાગના અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ સહિત મીડિયાકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**સુરતના આ સ્થળોએથી ઉપડશે એક્સ્ટ્રા બસો**

તા.૦૪/૧૧/૨૦૨૬ થી તા.૦૭/૧૧/૨૦૨૬ દરમિયાન સાંજે ૦૪.૦૦ થી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી સૌરાષ્ટ્ર તરફનું એક્સ્ટ્રા બસોનું સંચાલન ધારુકા કોલેજ, વરાછા રોડ ખાતેના મેદાનમાંથી તથા દાહોદ, ગોધરા, ઝાલોદ, પંચમહાલ તરફનું સંચાલન એસ.ટી. સેન્ટ્રલ બસ સ્ટેશનની સામે આવેલ સીટી સ્ટેન્ડમાંથી અને રામનગર ખાતેથી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત, ટ્રાફિકના ધસારાને ધ્યાને લઈ તા.૦૮/૧૧/૨૦૨૬ થી તા.૧૫/૧૧/૨૦૨૬ (લાભ પાંચમ) સુધી વડોદરા અને અમદાવાદનું એક્સ્ટ્રા સંચાલન સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતેથી કરવામાં આવશે.

**સુરતથી ઉપડતી દિવાળી એક્સ્ટ્રા બસોનું ભાડું**

એસ.ટી. નિગમ દ્વારા જાહેર કરાયેલા દરો મુજબ સુરતથી ઉપડતી એક્સ્ટ્રા બસોમાં અમરેલી માટે રૂ.૪૫૫, સાવરકુંડલા રૂ.૪૮૦, ભાવનગર રૂ.૩૯૫, મહુવા રૂ.૪૬૦, ગારીયાધાર રૂ.૪૪૦, રાજકોટ રૂ.૪૩૫, જુનાગઢ રૂ.૫૦૦, જામનગર રૂ.૫૦૫, ઉના રૂ.૫૪૦, અમદાવાદ રૂ.૩૨૦, પાલનપુર રૂ.૪૧૦, દાહોદ રૂ.૩૫૦, ઓલપાડથી દાહોદ રૂ.૩૬૦, ઓલપાડથી ઝાલોદ રૂ.૩૭૦, ઝાલોદ રૂ.૩૬૦, કવાંટ રૂ.૩૦૦, છોટાઉદેપુર રૂ.૩૧૦, લુણાવાડા રૂ.૩૨૫ અને ગોધરાનું ભાડું રૂ.૩૦૫ નક્કી કરવામાં આવ્યું છે.

# જિજ્ઞાસાથી ઉત્તમ સંશોધન સુધી : ગણપત યુનિવર્સિટીએ સંશોધન શ્રેષ્ઠતાની ઉજવણી કરી

(ગણપત વિદ્યાનગર)
(તા. ૧૦ઓક્ટો., ૨૦૨૬)

ગણપત યુનિવર્સિટીએ તેના "ગુની સેન્ટર ફોર એડવાન્સ્ડ રિસર્ચ સ્ટડીઝ (GUNI CARS)" દ્વારા ૮–૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ગણપત વિદ્યાનગર ખાતે રિસર્ચ કોન્ક્લેવ ૨૦૨૬ — "શેપિંગ ધ ફ્યુચર થ્રુ રિસર્ચ એન્ડ ઇનોવેશન" નું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ બે દિવસીય બહુવિધ શાખાકીય કોન્ક્લેવે સંશોધનને પ્રદર્શિત કરવા, વિચારોની આપ-લે કરવા અને એકેડેમિક–ઉદ્યોગ વચ્ચેના સહયોગને મજબૂત કરવા માટે ડિપ્લોમા, સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) વિદ્યાર્થીઓ, સંશોધકો, શિક્ષણશાસ્ત્રીઓ, ઉદ્યોગના વ્યાવસાયિકો, સાહસિકો અને નવપ્રવર્તકોને એક મંચ પર આમંત્રિત કર્યા હતા. આ કોન્ક્લેવે સહભાગીઓને તેમના સંશોધન કાર્યને રજૂ કરવા, નિષ્ણાતો સાથે વાર્તાલાપ કરવા અને વિવિધ શાખાઓમાં ઉભરતી તકો અન્વેષણ કરવા માટે એક આકર્ષક મંચ પૂરો પાડ્યો હતો. તેમાં કૃષિ, મૂળભૂત વિજ્ઞાન, એન્જિનિયરિંગ અને ટેકનોલોજી, કોમ્પ્યુટર સાયન્સ, હેલ્થ સાયન્સ, મેનેજમેન્ટ, માનવવિદ્યા (હ્યુમેનિટિઝ), આર્કિટેક્ચર અને આંતરશાખાકીય સંશોધન સહિતના વિવિધ ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા હતા. પુનઃપ્રાપ્ય ઉર્જા, ઈલેક્ટ્રિક વાહનો, એડિટિવ મેન્યુફેક્ચરિંગ (3D પ્રિન્ટિંગ), ફૂડ સાયન્સ,



નેનોટેકનોલોજી, સેમિકન્ડક્ટર ટેકનોલોજી, અને 'ફાઈવ-જી' તથા વાયરલેસ ટેકનોલોજી જેવા સમકાલીન અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ક્ષેત્રો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. રિસર્ચ કોન્ક્લેવ ૨૦૨૬ નું આયોજન બે અલગ-અલગ સંશોધન મંચો દ્વારા કરવામાં આવ્યું હતું. અન્વેષક (ANVESHAK) — ઉભરતા સંશોધકાu (Emerging Researchers) એ વિદ્યાર્થીઓ અને પ્રારંભિક તબક્કાના સંશોધકોને પોસ્ટર પ્રેઝન્ટેશન દ્વારા તેમનું કાર્ય રજૂ કરવા માટે સક્ષમ બનાવ્યા. આ મંચે સહભાગીઓને રચનાત્મક પ્રતિસાદ (ફીડબેક) અને સમકાલીન સંશોધન પદ્ધતિઓનું મૂલ્યવાન એક્સપોઝર પૂરું પાડવાની સાથે વૈજ્ઞાનિક જિજ્ઞાસા, સંશોધન સંચાર, નવીન વિચારસરણી અને આંતરશાખાકીય ક્રિયાપ્રતિક્રિયાને પ્રોત્સાહિત કરી. અનુસંધાતા (ANUSANDHATA) — અગ્રણી સંશોધકો (Advanced Researchers) એ અનુભવી સંશોધકો, શિક્ષણશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો અને ઉદ્યોગના નિષ્ણાતો માટે અદ્યતન સંશોધન દ્રષ્ટિકોણ, નવીન અભિગમો અને વિશેષ નિપુણતા શેર કરવા માટેના ફોરમ તરીકે કાર્ય કર્યું. આ મંચે અર્થપૂર્ણ વિદ્વતાપૂર્ણ આપ-લેને સુગમ બનાવી અને શૈક્ષણિક સંશોધનને વ્યવહારુ, ઉદ્યોગ-સંગત અને સામાજિક રીતે પ્રભાવશાળી ઉકેલોમાં પરિવર્તિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો. ૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ યોજાયેલા ઉદ્ઘાટન સમારોહની શરૂઆત ગણપત યુનિવર્સિટીના ડાયરેક્ટર-ઈન્ચ. ડૉ. અજય કુમાર ગુપ્તાના સ્વાગત પ્રવચનથી થઈ હતી. ગણપત યુનિવર્સિટીના માનનીય ગ્રુપ પ્રો ચાન્સેલર ડૉ. મહેન્દ્ર શર્માએ સમારોહનું સંબોધન આપ્યું હતું,

# ગુરુકૃપા વિદ્યાલયના વાઈસ પ્રિન્સિપાલ વંદનાબેન પટેલને TEACHER'S IMPACT MIRROR અંતર્ગત એવોર્ડ



**નવનીત પ્રકાશન દ્વારા સર્વ શ્રેષ્ઠ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો**

ગુજરાત લેવલ પર નવનીત પ્રકાશન દ્વારા લેવામાં આવેલી પરીક્ષામાં ૧૦૦૦૦ થી વધુ શિક્ષકોએ પરીક્ષા આપી હતી જેનું માત્ર ૧૭.૯% પરિણામ આવ્યું હતું. જે અંતર્ગત ગુજરાતના જુદા જુદા શહેરોના શિક્ષક અને શિક્ષણવિદને સન્માનિત કરવામાં આવ્યા હતા ત્યારે આ પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ કરતા ગુરૂકૃપા વિદ્યાલયના વાઈસ પ્રિન્સિપાલ એવા વંદના પટેલની TEACHER'S IMPACT MIRROR અંતર્ગત એવોર્ડ માટે પસંદગી થઇ હતી તે બદલ સર્વશ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહમાં નવનીત પબ્લીકેશનના માલિક અર્ચિતભાઈ ગાલા સાહેબ તથા મોટી સંખ્યામાં ઉપસ્થિત શિક્ષણવિદ અને શિક્ષકોની ઉપસ્થિતિમાં એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા. શાળા પ્રત્યે તેમની નિષ્ઠા તેમજ શિક્ષણ ક્ષેત્રે અમૂલ્ય યોગદાન અને સમર્પણની કદરરૂપે આ સન્માન આપવામાં આવ્યું હતું જે ગુરુકૃપા વિદ્યાલય માટે ખૂબ જ ગૌરવની વાત છે. ગુરુકૃપા વિદ્યાલયના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. નૈલેષભાઈ પટેલ, ડૉ. વિજયભાઈ પટેલ તેમજ ગુરુકૃપા વિદ્યાલયના સમગ્ર સ્ટાફ વતી આચાર્ય શ્રી દિનેશભાઈ લીબાચીયાએ વાઈસ પ્રિન્સિપાલ વંદનાબેન પટેલને અભિનંદન પાઠવ્યા હતાં. વંદનાબેન પટેલ ઓલપાડ તાલુકાના શેરડી ગામના વાતની છે. ખેડૂત પરિવારમાંથી આવતા વંદનાબેનને આ અગાઉ ૭ થી વધુ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. તેમની આ સિદ્ધિ બદલ સુરતના શિક્ષણ જગતના સારથીઓએ તેમને અને ગુરુકૃપા પરિવારને અભિનંદન પાઠવેલ છે.



# નવરાત્રી–દશેરા પર્વને લઈ તાપી પોલીસ સજ્જ

## ૧,૪૨૩ પોલીસકર્મીઓ અને સુરક્ષા જવાનોનો ચુસ્ત બંદોબસ્ત; ૧૦ SHE ટીમ, ડ્રોન અને CCTVથી અસામાજિક તત્ત્વો પર રહેશે બાજ નજર

**વ્યારા, તાપીઃ** નવરાત્રી અને દશેરાના પવિત્ર તહેવારો દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે, નાગરિકો શાંતિપૂર્ણ વાતાવરણમાં તહેવારોની ઉજવણી કરી શકે તથા મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત થાય તે હેતુથી તાપી જિલ્લા પોલીસ દ્વારા વ્યાપક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગરબા સ્થળો સહિત સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવાની સાથે આધુનિક ટેકનોલોજી અને સતત પેટ્રોલિંગ દ્વારા સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખવામાં આવશે.

વ્યારા ડિવિઝનના ડીવાયએસપી પ્રમોદ નરવાડેએ અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, નવરાત્રી–દશેરા પર્વ દરમિયાન તાપી જિલ્લામાં પોલીસ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ, હોમગાર્ડ, જી.આર.ડી. અને ટી.આર.બી.ના જવાનો મળી કુલ ૧,૪૨૩ અધિકારી-કર્મચારીઓનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ દ્વારા અલગ-અલગ સ્તરે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં ૧ એસ.પી., ૩ ડીવાયએસપી, ૧૨ પોલીસ ઈન્સ્પેક્ટર, ૧૫ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર અને ૪૫૦ પોલીસ કર્મચારીઓ સહિત હોમગાર્ડના ૩૭૦, જી.આર.ડી.ના ૫૧૦ તથા ટી.આર.બી.ના ૯૫ જવાનો ફરજ બજાવશે.

પોલીસ બંદોબસ્તને વધુ અસરકારક બનાવવા માટે ૮૦ બોડીવોર્ન કેમેરા, ૧ ડ્રોન કેમેરા અને પેટ્રોલિંગ માટે ૬ રિક્વિઝિશન વાહનોનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત અવાવરુ અને સંવેદનશીલ વિસ્તારોમાં મોટરસાઈકલ દ્વારા પેટ્રોલિંગ તથા ઘોડેસવાર પેટ્રોલિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગરબા સ્થળોએ પોલીસની હાજરી અને દેખરેખ દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારી રાખવામાં આવશે.

નવરાત્રી દરમિયાન ગરબા રમવા આવતી મહિલાઓ અને યુવતીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપીને જિલ્લામાં કુલ ૧૦ 'જીઉૅઈ ટીમ' કાર્યરત કરવામાં આવી છે. મહિલાઓ સાથે છેડતી કે અન્ય કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ ખાસ તકેદારી રાખશે. ગરબા સ્થળોએ સાદા વેશમાં પણ પોલીસ કર્મચારીઓ તૈનાત રહેશે, જેથી અસામાજિક તત્ત્વોની ગતિવિધિઓ પર નજર રાખી શકાય.

જિલ્લાના મુખ્ય ગરબા આયોજકો સાથે બેઠક યોજીને પાર્કિંગ, સુરક્ષા વ્યવસ્થા, લાઈટિંગ અને ઝ્રઝ્રફ કેમેરાની વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી છે. આયોજકોને જરૂરી સુરક્ષા પગલાં લેવા અને કોઈપણ પ્રકારની બેદરકારી ન રાખવા સૂચનાઓ આપવામાં આવી છે.

તહેવારો દરમિયાન જિલ્લામાં કાર્યરત ઝ્રઝ્રફ કેમેરાના માધ્યમથી નેત્રમ કમાન્ડ સેન્ટર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવશે. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર પણ સતત નજર રાખવામાં આવશે, જેથી અફવાઓ, ભ્રામક માહિતી અથવા શાંતિ અને કાયદો-વ્યવસ્થાને અસર પહોંચાડતી ગતિવિધિઓ સામે સમયસર તકેદારી રાખી શકાય.

તહેવારો દરમિયાન કોઈ મહિલાનું વાહન બગડે, પેટ્રોલ પૂરું થઈ જાય અથવા અન્ય કોઈ મુશ્કેલી ઊભી થાય તો તાત્કાલિક મદદ માટે ૧૧૨ ઈમરજન્સી હેલ્પલાઈન અથવા ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર સંપર્ક કરવા તાપી જિલ્લા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે. તાપી જિલ્લા પોલીસ દ્વારા નાગરિકોને નવરાત્રી અને દશેરાના તહેવારો શાંતિપૂર્ણ, સલામત અને આનંદમય વાતાવરણમાં ઉજવવા, કાયદાનું પાલન કરવા તથા કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો પોલીસને જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. સાથે જ જિલ્લા પોલીસ વતી સમગ્ર જનતાને તહેવારોની શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# કામરેજના શ્રી ભારતીય વિદ્યામંડળ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાયા

કામરેજ ચારરસ્તા સ્થિત શ્રી ભારતીય વિદ્યામંડળ દ્વારા બનાવેલ અતિ આધુનિક ઓડિટોરિયમ નુ ઉદઘાટન વી. આર.ભક્ત બી એડ કૉલેજ નુ વાર્ષિક મુખપત્ર "વાસંતી" નુ વિમોચન તેમજ રામકબીર હાઈસ્કૂલ ના ગુજરાત રાજ્ય ના દક્ષિણ ઝોનના શ્રેષ્ઠ આચાર્ય કે જેઓ ૩૧/૧૦/૨૦૨૬ ના રોજ નિવૃત્ત થનાર હોઈ તેમનુ સન્માન નો કાર્યક્રમ યોજાયો હતો. આ ત્રિવેણી કાર્યક્રમ ના મુખ્ય મહેમાન શ્રી અરવિંદભાઈ રણછોડભાઈ ભક્ત (વાવ , પનામા) ના વરદ હસ્તે ઓડિટોરીય નુ ઉદઘાટન તેમજ "વાસંતી" મુખપત્ર નુ વિમોચન કરવામા આવ્યું હતું. અનાવિલ સમાજના પ્રતિભાશાળી લાડવી ગામના વતની ૩૧/૧૦/૨૦૨૬ ના રોજ નિવૃત્ત થનાર હોઈ ગુજરાત રાજ્ય ના દક્ષિણ ઝોન ના શ્રેષ્ઠ આચાર્ય શૈલેષકુમાર મગનલાલ દેસાઈ નું સંસ્થાના પ્રમુખ શ્રી, મંત્રીશ્રી, ખજાનચી શ્રી તેમજ મુખ્ય મહેમાન શ્રી ના હસ્તે પુષ્પગુચ્છ અર્પણ કરી, શાલ ઓઢાડી, સન્માનપત્ર તેમજ સ્મૃતિભેટ દ્વારા ભવ્ય સન્માન કરવામા આવ્યું હતું. આચાર્ય શ્રી શૈલેષભાઈ દેસાઈ એ સંસ્થા દ્વારા કરવામા આવેલી કદર, પ્રસંશા ને શબ્દો મા વર્ણવી ન શકાય એમ જણાવ્યુ હતું. તેમણે ટ્રસ્ટ પરિવાર સાથે ના અનુભવો પણ જણાવ્યા હતા. રામકબીર શાળાના ટ્રસ્ટીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓના સહકાર તેમજ તમામ કર્મયોગીમિત્રોની મહેનત અને સમર્પણ ને બિરદાવ્યું હતું. કર્મયોગીમિત્રો ની મહેનત ને

અનુસંધાન પાના ૭ પર

# તાપી એલસીબીની મોટી કાર્યવાહી : બે બોલેરો પીકઅપમાંથી ૪,૩૯૨ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

**રૂ. ૧૯.૬૯ લાખનો મુદ્દામાલ કબજે, બે આરોપી ઝડપાયા જ્યારે ચારને વોન્ટેડ જાહેર કરાયા**

તાપી. તા. ૧૧ ઑક્ટોબર, ૨૦૨૬

તાપી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને પેરોલ-ફર્લો સ્ક્વોડ દ્વારા દારૂની હેરાફેરી સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સોનગઢના નવા RTO ચેકપોસ્ટ પાસે પોલીસની ટીમે બાતમીના આધારે બે બોલેરો પીકઅપ વાહનોમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં કુલ ૪,૩૯૨ બોટલ દારૂ અને બે વાહનો સહિત રૂ. ૧૯,૬૯,૯૯૨નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, LCB પોલીસ ઈન્સ્પેક્ટર બી.જી. રાવલની સૂચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર કે.આર. પટેલ તથા પોલીસ ટીમ સોનગઢના નવા RTO ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગ કરી રહી હતી. તે દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે મહારાષ્ટ્રના નવાપુર તરફથી બે સફેદ બોલેરો પીકઅપમાં વિદેશી દારૂ ભરી વડોદરા તરફ લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. દરમિયાન MP-10-G-૩૬૭૯ નંબરની પીકઅપને રોકી તપાસ હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ આવેલી સ્–૪૬–ઢઈ–૨૪૬૩ નંબરની બીજી પીકઅપને રોકવાનો પ્રયાસ કરતાં તેનો ચાલક વાહન ભગાવી ગયો હતો. પોલીસે પીછો કરતાં ચોરવાડ પાટિયા નજીક વાહન રસ્તાની બાજુમાં મૂકી ચાલક અને ક્લીનર ખેતરો તરફ નાસી ગયા હતા. પોલીસે બંને વાહનોની તપાસ કરતાં કુલ ૧૧૩ બોક્સમાં ભરેલી ૪,૩૯૨ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. દારૂની કિંમત રૂ. ૯,૬૪,૯૯૨, બંને બોલેરો પીકઅપની કિંમત રૂ. ૧૦ લાખ અને મોબાઈલ ફોનની કિંમત રૂ. ૫,૦૦૦ મળી કુલ રૂ. ૧૯,૬૯,૯૯૨નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. બે આરોપીઓ ઝડપાયા, ચાર વોન્ટેડઆ કેસમાં પોલીસે મધ્યપ્રદેશના બડવાની જિલ્લાના પાનસેમલ તાલુકાના રહેવાસી વિકાસ ભીમસિંહ મોરે (ઉંમર ૨૨ વર્ષ) અને પવન કરણસિંહ ખેડકર (ઉંમર ૨૧ વર્ષ)ને ઝડપી પાડ્યા હોવાનું પ્રેસનોટમાં જણાવાયું છે. આ ઉપરાંત બીજી પીકઅપના ચાલક અને ક્લીનર તેમજ બંને પીકઅપને આગળથી પાયલોટિંગ કરતી પ્ન-૦૫-CW-૨૧૨૨ નંબરની કારમાં સવાર બે વ્યક્તિઓ સહિત કુલ ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ મામલે પ્રોહિબિશન અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ માટે કેસ સોનગઢ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. આ સમગ્ર કામગીરી LCB તાપીના પોલીસ ઈન્સ્પેક્ટર બી.જી. રાવલ અને પેરોલ-ફર્લો સ્ક્વોડના પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. આહિરના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર કે.આર. પટેલ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.





# એસપીજી સુરત દ્વારા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ડીડોલી' ઉમાપુરમ 'ખાતે 'લાલ આંખ'ના ભવ્ય નાટકનું આયોજન

સુરત, તા.૧૧

તા.૧૦/૧૦/૨૦૨૬ શનિવાર ના રોજ ઉમિયા માતાજી સંસ્થાન ડીડોલી' ઉમાપુરમ 'ખાતે "લાલ આંખ" ભવ્ય નાટક નો કાર્યક્રમ યોજાયો. સુરત શહેર ડીડોલી આંગણે જીઁ ગ્રુપ દ્વારા એક ખાસ સામાજિક અને પારિવારિક નાટક રજૂ કરવામાં આવ્યું હતું, જેનું નામ છે — (અસામાજિક તત્વો સામે જીઁ ની "લાલ આંખ".) 'ઈટર્નલ પરફોર્મિંગ આર્ટ એકેડેમી, સુરત' દ્વારા આ નાટક નિર્મિત, દિગ્દર્શિત અને અભિનીત કરવામાં આવ્યું છે. આ ખાસ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય અને અતિથિ વિશેષ તરીકે જીઁ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી લાલજીભાઈ પટેલ, જીઁ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી બાબુભાઈ સુતરીયા, નવનિયુક્ત શ્રી ઉમિયા માતાજી મંદિર સંસ્થાન ઊંઝા ના પ્રમુખ એમ એસ પટેલ સાહેબ શ્રી ઉમિયા માતા મંદિર ઉમાપુરમ ના પ્રમુખશ્રી કિર્તીભાઈ પટેલ ઉપપ્રમુખ રાકેશભાઈ પટેલ તેમજ સમાજના અનેક અગ્રણીઓ અને મહાનુભાવો અને મોટી સંખ્યામાં પાટીદાર સમાજના માતા પિતા સાથે બાળકો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ૮ થી ૧૦ હજાર દિકરી અને માતાઓની પ્રેરક ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા એસપીજીના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ પટેલ સહિત અન્ય પાટીદાર સમાજના અગ્રણી અને સામાજિક મહાનુભાવોની વિશેષ હાજરી રહી હતી.

# એડજસ્ટમેન્ટ ડિસઓર્ડર:આ તે વળી કઇ બલાનું નામ છે?

અશોક (નામ બદલ્યું છે) હમણાં હમણાંનો ઘણો જ બદલાયેલો લાગતો હતો. તેના દિવસની શરૂઆત જ ચીડિયાપણાથી થતી હતી. પૂરો દિવસ જાણે સાવ નિરાશામાં પસાર થતો હતો. ઓફિસમાંથી ઘરે આવીને મોબાઇલ સ્વિચ ઑફ કરી પડ્યો રહેતો હતો. તેના મા-બાપે પણ ઘણી વાર આ બાબતે પૂછ્યું હતું. પરંતુ ખાસ કંઇ નથી એમ કહીને તે તેમની પૃચ્છાને ટાળતો હતો. તેના માબાપને હવે ખરેખર ચિંતા થવા લાગી હતી.ઘરની જેમ ઑફિસમાં પણ એ સાવ અબોલ-શાંત બની રહેતો. તેને જાણે દરેક વાતે કંટાળો આવતો હતો. તે એના સહયોગી કર્મચારીઓને પણ ટાળતો હતો. ડૅસ્ક પર જ ડબ્બો ખાઇ લેવાનો અને પાછું કામમાં ખૂંપી જવાનું. કામમાંય જોઇએ એવું ધ્યાન નહોતો આપી શકતો. સમય પસાર કરવા અને બિઝી રહેવા એ લૅપટોપમાં માથું ઘાલીને બેસી રહેતો.

અશોકની બાબતે હજી એક ઘટના બનતી રહેતી હતી. તેને મોબાઇલથી ખૂબ ડર લાગવા લાગ્યો હતો. એક વાર તો એણે તણાવમાં આવી જઇને મોબાઇલને જમીન પર પટક્યો પણ હતો, પરંતુ બાદમાં પસ્તાવો થતાં રિપેર કરાવી લીધો હતો. આવી તાણભરી પરિસ્થિતિ વધતી જતી હતી એટલે તેણે છેવટે કોઇ કાઉન્સેલરને મળવાનું નક્કી કર્યું.પહેલા સેશનમાં રોહને પોતાના વિશે માહિતી આપી. ત્યારબાદ પોતાની તાણ વિશે, મોબાઇલના ડર વિશે બોલવાની શરૂઆત કરી.'તને મોબાઇલનો આટલો ડર કેમ લાગવા લાગ્યો છે?' એવું પૂછતાં જ તેણે તરત જ જવાબ આપ્યો. 'ડર કરતાંય મને એક પ્રકારની બેચેનીનો અનુભવ થતો હતો. મોબાઇલનો મેસેજ કે વૉટ્સઅપ ટૉન વાગે તો મને ટેન્શન આવે. એક જાતની ચીડ ચઢે. મોબાઇલ સામે જોવાનું પણ મન ન થાય.

' તને બધા જ મેસેજ જોવાનું નથી ગમતું? ''ના, એવું નથી.' આવું બોલીને અશોક થોડી વાર શાંત બેઠો. ' મને મારી ભાવિ પત્નીના મેસેજ કે કૉલ્સ આવે તો તાણ વધવા લાગે છે.' આટલું બોલીને તેણે તાણનું કારણ કહેવાની શરૂઆત કરી.હકીકતમાં અશોકની સગાઇ થઇ હતી અને ત્રણ મહિનામાં તો એ લગ્ન કરવાનો હતો, પણ લગ્ન નક્કી થયા બાદ એ ખૂબ તણાવ ભરી સ્થિતિમાં અને બેચેન રહેવા લાગ્યો, કારણ કે તેની ભાવિ પત્નીને લગ્ન બાદ અલગ રહેવાની ઇચ્છા હતી. જોકે, અશોકને પોતાના માબાપ જોડે રહેવાની ઇચ્છા હતી.' તો તેં એને સ્પષ્ટ કેમ ન કહ્યું કે તારે તારા વડીલ જોડે રહેવું છે.' કાઉન્સેલરે કહ્યું.'મેડમ, તેણે અલગ રહેવા માટે હઠ ન હોતી કરી. ફક્ત તેણે તેની અપેક્ષા જણાવી હતી અને મેં ઑકે કહી દીધું. આને લઇને જ હવે હું ખૂબ તાણ અનુભવું છું. કારણ કે એકનો એક હોવાથી મારે મારાં માબાપ જોડે જ રહેવું છે. જે તેને હું સ્પષ્ટપણે કહી શકતો નથી.' આટલું કહેતા તેનો ચહેરો રડવા જેવો થઇ ગયો.' મેં તેની સાથે આ બાબત કબૂલ કરી લીધી છે, પણ હવે વિચાર કર્યા બાદ લાગે છે કે આ કબૂલાત કરવામાં મેં ઉતાવળ કરી. તે સ્વભાવની ખૂબ સારી છે. તેના સ્વભાવમાં ખૂલ્લાપણું છે. મને મળતી વખતે અને ફોન પર ખૂબ મોકળાશથી વાત કરતી હોય છે. અમારા ભાવિ સંસાર વિશે તેની કોઇ મોટી અપેક્ષાઓ કે મહત્ત્વાકાંક્ષાઓ નથી, પણ જે કંઇ છે તેનાથી મન બેચેન રહે છે.' અશોકે મન મૂકીને વાત કરી.

**' તને બધા જ મેસેજ જોવાનું નથી ગમતું? ''ના, એવું નથી.' આવું બોલીને અશોક થોડી વાર શાંત બેઠો. ' મને મારી ભાવિ પત્નીના મેસેજ કે કોલ્સ આવે તો તાણ વધવા લાગે છે.'**

## કેવી બેચેની?

'એ જ કે તેને જિંદગીમાં સુખી રાખી શકીશ કે નહીં?'

અશોકની આ મૂંઝવણ મોબાઇલને કારણે ન હોતી, પણ ભાવિ ઘટનાઓ આકાર લેવાની હતી તેને લીધે હતી જેના માટે તે માનસિક રીતે તૈયાર નહોતો. લગ્ન નક્કી થયા પછી તેને દૃષ્ટિકોણ જાણે નકારાત્મક થવા લાગ્યો હતો.હવે આવી જ સ્થિતિ લાંબો સમય રહે તો તબીબી ભાષામાં 'એડજસ્ટમેન્ટ ડિસઑર્ડર' નામની બીમારીમાં પરિવર્તિત થઇ શકે છે.આ અવસ્થાનું મૂળ લક્ષણ જ તણાવ અથવા નિરાશા છે. આ પરિસ્થિતિમાં માણસ નેગેટિવ વિચારો ધરાવતો અને અસ્વસ્થ બની જાય છે. તે સ્વભાવે ચીડિયો બની જાય છે. આ સ્થિતિમાં માણસ કોઇ અઘટિત

**પગલું પણ ભરી શકે છે.**

અશોકનો ઉછેર તો અતિશય શિસ્તપ્રિય ઘરમાં થયો હતો. તેનાં માબાપ બન્ને શિક્ષક હતાં. તેની આસપાસના સગાસંબંધીઓ પણ કર્મઠ વૃત્તિના હતા. જેને લઇને તે પણ ધાકમાં અને શિસ્તમાં રહ્યો.આથી ઊલટું તેની ભાવિ પત્ની મોકળા વાતાવરણમાં ઉછરી હતી. એટલે તેનામાં વધુ ખુલ્લાપણું હતું. બન્નેના સ્વભાવમાં ભિન્નતા હોવા છતાં બન્ને એકમેકના પૂરક હોવાથી લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો.કાઉન્સેલરે અશોકને થોડા સમય માટે લગ્નના કોઇ પણ જાતના વિચાર ન કરવાનું કહ્યું. આ સમયમાં એ અત્યંત મુશ્કેલ એવા સ્વપરિવર્તનના દોરમાં જઇ રહ્યો હતો. અશોકની આ સારવાર બે મહિના ચાલી. જેમાં તેણે સંપૂર્ણ આત્મવિશ્ર્વાસ સાથે કામ કર્યા. પોતાના વિચારોને સ્પષ્ટતાપૂર્વક રજૂ કરવાનું શીખ્યો. પોતાના વિચાર વધુને વધુ સકારાત્મક અને તર્કશુદ્ધ કેમ કરવા એ પ્રત્યે જ ધ્યાન કેન્દ્રિત કર્યું. કારણ કે તેને જીવનમાં મહત્ત્વના પરિવર્તનને ઉત્સાહ અને આનંદથી સ્વીકારવું હતું. અંતે તેને આ બાબતમાં સફળતા મળીને જ રહી.

# પેશાબ જરા પણ રોકતા નહી, ભાઈસાબ !



**જો તમે એ દેખાડવાની કોશિશ કરતા હોવ કે તમારામાં પેશાબ રોકી રાખવાની ક્ષમતા છે તો એવી તાકાત ન દેખાડો. આનાથી તો લેવાના દેવા પડી શકે છે. લાંબા સમય સુધી પેશાબ રોકી રાખવાથી મૂત્રાશય પર ભાર વધી શકે છે. ઘણી વાર તો એ બંધ પણ પડી શકે છે. આનાથી શરીરની પૂરી વ્યવસ્થા પર ખરાબ અસર પડી શકે છે. પેશાબ રોક્વો એટલે એક રીતે આપણીકિડનીઓ સાથે ખરાબ રમત રમવી. કારણ કે એમ કરવાથી કિડની સંબંધિત અનેક બીમારીઓ થઇ શકે છે.ક્યારેક કોઇ એવી મુશ્કેલ ઘડી આવે કે પેશાબ રોક્વો મજબૂરી બની જાય તો એકાદ વાર આવું કરી શકો છે, પરંતુ નિયમિતરૂપે આવું કરવું બિલકુલ યોગ્ય નથી. આનાથી પેશાબથી ચેપ વધવાની આશંકા બની રહે છે. મૂત્રમાર્ગમાં બળતરા થઇ શકે છે. પેશાબમાં બદબૂ વધી શકે છે.**

વધુ વરસાદ અને વધુ ઠંડીમાં રહી રહીને પેશાબ આવતો હોય છે. આવા સંજોગોમાં ઘણા લોકો ખાસ કરીને મહિલાઓ પેશાબ કરવા જવામાં આળસ કરતી હોય છે અને લાંબા સમય સુધી રોકી રાખે છે. કેટલાક યુવાનો પણ આવું કરતા હોય છે, પરંતુ ડૉક્ટરો કહે છે કે ન તો ક્યારેય પેશાબના વેગને રોકવો જોઇએ કે ન તો ક્યારે પેશાબ લાગે તો કરવામાં મોડું કરવું જોઇએ, નહીંતર ઘણી બધી સ્વાસ્થ્ય સંબંધી તકલીફો ઊભી થઇ શકે છે, જેમ કે,

-આના કારણે મૂત્રાશય પર દબાણ વધે છે કિડનીમાં પથરી બનવા લાગે છે મૂત્રમાર્ગમાં ચેપ અર્થાત્ યૂટીઆઇ થઇ શકે છેશરીરમાં બૅક્ટેરિયા વધી જવાની આશંકા વધે છે. વરસાદના દિવસોમાં આવું સૌથી વધુ થાય છે કારણ કે આ દિવસોમાં બૅક્ટેરિયાનું સંક્રમણ ઘણું ઝડપથી થાય છે. જો વરસાદના દિવસોમાં પેશાબ રોકવામાં આવે તો પેશાબ જોડે લોહી આવવાની સમસ્યા પણ થઇ શકે છે.

જો તમે એ દેખાડવાની કોશિશ કરતા હોવ કે તમારામાં પેશાબ રોકી રાખવાની ક્ષમતા છે તો એવી તાકાત ન દેખાડો. આનાથી તો લેવાના દેવા પડી શકે છે. લાંબા સમય સુધી પેશાબ રોકી રાખવાથી મૂત્રાશય પર ભાર વધી શકે છે. ઘણી વાર તો એ બંધ પણ પડી શકે છે. આનાથી શરીરની પૂરી વ્યવસ્થા પર ખરાબ અસર પડી શકે છે. પેશાબ રોકવો એટલે એક રીતે આપણીકિડનીઓ સાથે ખરાબ રમત રમવી. કારણ કે એમ કરવાથી કિડની સંબંધિત અનેક બીમારીઓ થઇ શકે છે.ક્યારેક કોઇ એવી મુશ્કેલ ઘડી આવે કે પેશાબ રોકવો મજબૂરી બની જાય તો એકાદ વાર આવું કરી શકો છે, પરંતુ નિયમિતરૂપે આવું કરવું બિલકુલ યોગ્ય નથી. આનાથી પેશાબથી ચેપ વધવાની આશંકા બની રહે છે. મૂત્રમાર્ગમાં બળતરા થઇ શકે છે. પેશાબમાં બદબૂ વધી શકે છે. વાસ્તવમાં તો મૂત્ર એ શરીરમાંથી ફિલ્ટર કરી દીધેલું ખરાબ પાણી જ છે, જેને બની શકે એટલું જલદી શરીરની બહાર કરી દેવું જોઇએ. વધુ સમય મૂત્રને શરીરમાં રોકી રાખવાથી આ ફિલ્ટર પ્રોસેસ ખરાબ થઇ જાય છે.કેટલાક લોકો કોઇ પણ કારણ વિના આદતવશ પેશાબ રોકી રાખે છે. આવું કરવાથી પેટ અને પીઠના નીચલા ભાગો અને પાંસળીઓમાં દર્દ થઇ શકે છે. વધુ વાર પેશાબ રોકી રાખવાથી મૂત્રાશયની દીવાલો પણ નબળી પડી જાય છે. જેનાથી બ્લેડર ખરાબ થવાની શક્યતાઓ પણ વધી જાય છે. પેશાબમાં યૂરિક ઍસિડ અને કેલ્શિયમ ઓક્ઝલેટ નામક મિનરલ્સ હોવાથી જો પેશાબ વધુ વાર રોકી દેવાય તો પથરીમાં પરિણમી શકે એમ છે.કેટલીક વાર ઘણા લોકોને જલદી જલદી પેશાબ કરવાની તલબ લાગે છે. જો આવું સામાન્ય દિવસો કરતાં વધુ થાય તો આપણે સચેત થઇ જવું

જોઇએ અને કોઇ મૂત્રરોગ વિશેષજ્ઞને મળી લેવું જોઇએ.

એક ઉંમર પછી ચાહે મહિલા હોય કે પુરુષ, તેમને જલદી જલદી પેશાબ આવવા લાગે છે. આ ફક્ત તેમની શારીરિક સમસ્યાને કારણે જ નથી થતું, પણ ક્યારેક આનું કારણ બગડતું જતું પર્યાવરણ પણ હોઇ શકે છે. વારંવાર પેશાબ આવવાનાં અનેક કારણો છે અને દરેક કારણોનો સંબંધ કયાંકને કયાંક શરીરના આરોગ્ય સાથે છે. એટલે આ બાબતે લાપરવાહ ન રહેતાં તુરંત નિષ્ણાત ડૉક્ટરને મળવું જોઇએ. મોટે ભાગે પેશાબની સમસ્યા શરૂઆતમાં તો નાની અમથી હોય છે, પણ લગાતાર એની ઉપેક્ષા કરવાથી તે સમસ્યા વકરી શકે છે. જે સિનિયર સિટીઝનોને વરસાદ કે ઠંડીના દિવસોમાં દિવસ દરમ્યાન ૧૦થી ૧૫ વાર પેશાબ કરવા જવું પડે છે તો એ તેમની અંદર ઝડપથી વિકસી રહેલી કોઇ બીમારીનું લક્ષણ હોઇ શકે. એટલે જયારે પણ આવી હાલત થાય એને હળવાશથી ન લેતાં અને ખુદ ડૉક્ટર ન બનતાં કોઇ સારા ડૉક્ટરને દેખાડવું જરૂરી છે.

# કેલ એક એવી ભાજી જેમાં એક સાથે ૬ વિટામિનનો ખજાનો

ગાંધી બાપુ હંમેશાં કહેતાં કે 'સોનું કે ચાંદી નહી પરંતુ તંદુરસ્ત સ્વાસ્થ્ય વ્યક્તિની સાચી સંપત્તિ છે'. નિષ્ણાત ડૉક્ટર, આયુર્વેદાચાર્ય કે પછી આહારશાસ્ત્રી હોય પ્રત્યેક વ્યક્તિ શરીરને પૂરતું પોષણ મળી રહે તે માટે વિવિધ વિટામિનનો આહારમાં સમાવેશ કરવાનું સૂચવતાં હોય છે. શું આપને ખ્યાલ છે કે શરીરના પ્રત્યેક અંગો માટે વિટામિન અગત્યની ભૂમિકા ભજવે છે. જેને કારણે વ્યક્તિ રોજબરોજનું કામ સરળતાથી કરી શકે છે. જો શરીરમાં કોઈ એક વિટામિનની ઊણપ સર્જાય તો નબળાઈ વર્તાવા લાગે. ઊંઘ ના આવતી હોય તો શરીરમાં મેગ્નેશિયમ ઓછું હોય તેમ બની શકે. મીઠાવાળા હૂંફાળા પાણીમાં પગ બોળી રાખવાથી ગાઢ નિંદર આવી જશે. સાથે સાથે નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેવી આવશ્યક બની જાય છે. અનેક વખત શરીરમાં નબળાઈ વર્તાય ત્યારે લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ઘટી ગયું હોય તેમ બની શકે. તે માટે આયર્નયુક્ત આહાર લેવો જોઈએ. પેટની તકલીફથી બચવા માટે ફાઈબરયુક્ત ખોરાક લેવો જોઈએ. તો હવેથી વિટામિનયુક્ત આહાર અપનાવીને સ્વની તેમજ કુટુંબીજનોની તંદુરસ્તી જાળવજો. ફાસ્ટફૂડ, તૈયાર પેકેટ ફૂડ, તળેલું, મેંદો-કૉર્નસ્ટાર્ચનો ઉપયોગ મર્યાદિત માત્રામાં કરવાની આદત પાડવી જોઈએ.

રોજ સવાર પડે ને પ્રત્યેક ભારતીય ગૃહિણીને એક સવાલ અચૂક ઊભો થાય કે આજે ક્યું શાક બનાવવું? કે આજે સલાડમાં શું બનાવું? આજે આપણે જે ભાજીની વાત કરવાના છીએ તેને 'લીફ કૈબેજ' તરીકે ઓળખવામાં આવે છે. પત્તા કોબી, ફ્લાવર તેમજ બ્રોકલીના પરિવારની ગણવામાં આવે છે. સામાન્ય રીતે મોસમી શાકભાજીનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. કેલ કાલે કે કરમસાગ તરીકે ઓળખાતી ભાજીની વાત કરીશું. જેમાં એક સાથે છ વિટામિન્સનો ખજાનો સમાયેલો છે. આ ભાજી માટે એવું કહેવાય છે કે તેના ઉપયોગ દ્વારા વ્યક્તિ અનેક બીમારીથી બચી શકે છે.

તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે વિટામિન્સની યોગ્ય માત્રા જળવાઈ રહે તે આવશ્યક છે. વિટામિન શરીરમાં વિવિધ એન્ઝાઈમ, હાર્મોન, તેમજ રક્ત બનાવવામાં મદદ કરે છે. રક્તકોશિકાની મજબૂતાઈ જાળવી રાખવામાં ઉપયોગી બને છે. મુખ્યત્વે ૧૩ વિટામિન્સ હોય છે. બધા જ વિટામિનના ગુણો એક જ ભાજીમાં સમાયેલાં હોય તેવું અશક્ય છે. કેટલાંક શાકભાજી એવા છે જેમાં એક સાથે ૬-૬ વિટામિન્સના ગુણો સમાયેલાં જોવા મળે છે. તેમાં કેલ ભાજીનો સમાવેશ થાય છે. કેલની ભાજી બ્રોકલી કુળનો છોડ ગણાય છે. તેનો ઉપયોગ સલાડ તરીકે જ્યૂસ તેમજ પકાવીને કરી શકાય છે. કોબીના પાન જેવા દેખાય છે. લીલા તેમજ જાંબુડી રંગની જોવા મળે છે.

કેલને વિટામિન્સનું પાવરહાઉસ ગણવામાં આવે છે. કેલમાં વિવિધ પ્રકારના વિટામિન બીનું પ્રમાણ જોવા મળે છે. જેમ કે વિટામિન બી-૬ (પાઈરિડોક્સિન), બી-૯(ફૉલેટ), વિટામિન બી-૨ (રાઈબોફ્લેવિન). શરીરમાં લાલરક્તકણો બનાવવા માટે વિટામિન બી -૯ તથા વિટામિન બી-૧૨ એકસાથે કામ કરે છે. જેથી શરીરમાં લોહીની ઊણપ થાય નહી. વળી વિટામિન એ, વિટામિન સી, વિટામિન કે નું પ્રમાણ સમાયેલું જોવા મળે છે. વિટામિન સી શરીર માટે રોગપ્રતિકારક શક્તિની ખાણ ગણાય છે. તેની માત્રા શરીરમાં જળવાઈ રહેવાથી વ્યક્તિ ચેપી રોગની બીમારીથી બચી શકે છે.

કાર્બોહાઈડ્રેટસ, ફાઈબર, મેંગેનિઝ, કેલ્શિયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ તેમજ આયર્ન જેવા પોષક સત્ત્વો સમાયેલાં હોય છે.

વળી લીલા શાકભાજીમાં ઍન્ટિ-ઓક્સિડન્ટનું પ્રમાણ ભરપૂર જોવા મળે છે. જેને કારણે મોટી બીમારી જેવી કે હૃદયરોગ, કેન્સર, ડાયાબિટીસ વગેરેના જોખમથી બચી શકાય છે. વિટામિન સીમાં રહેલું કૉલેજન સિંથેસિસમાં વૃદ્ધિ કરે છે જેને કારણે ત્વચાની નીચે મુલાયમ કમ્પાઉન્ડ ભરાઈ જાય



છે. જેને કારણે ત્વચા ચમકીલી બને છે.

### વિટામિન કેનો ખજાનો

ફૂડ ડેટા સેન્ટ્રલમાં દર્શાવવામાં આવેલાં આંકડા મુજબ વિટામિન કે ન્યૂટ્રિઍન્ટસ્ બ્લડ ક્લૉટિંગ કરીને ઘાને રૂઝ આવવામાં મદદ કરે છે. વળી હાડકાંની મજબૂતાઈ જાળવી રાખવામાં ઉપયોગી ગણાય છે, કેલ્શિયમનો સાચો દોસ્ત ગણાય છે.

### વિટામિન એ

વિટામિન એ બીજું સૌથી વધુ અગત્યનું વિટામિન ગણાય છે. આંખોની તંદુરસ્તી જાળવવામાં મદદ કરે છે. વળી ત્વચાને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. રોગના સંક્રમણથી બચાવે છે.

### વિટામિન ઈ

વિટામિન ઈ પાચનતંત્ર, ત્વચા, આંખ, મગજનું કાર્ય સુચારૂ રીતે ચાલે તે માટે આવશ્યક છે. જે સૂકામેવામાં મળી રહે છે. કેટલાંક લોકોને સૂકામેવાથી એલર્જી થાય છે. તો અનેક લોકોને તેની કિંમત પરવડતી નથી. આવા સંજોગોમાં કેલ કે કરમસાગનું સેવન કરવાથી લાભ મળે છે.

### વિટામિન સી

રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય, ત્વચા કે વાળ સંબંધિત સમસ્યા હોય, વાગ્યા બાદ ઝડપથી રૂઝ ન આવતી હોય તો આવા સંજોગોમાં વિટામિન સીની ઊણપ શરીરમાં હોઈ શકે છે. કેલની ગણના વિટામિન સીથી ભરપૂર ભાજીમાં થાય છે. જે શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

### કેલનું શાક

સામગ્રી: ૧ મોટી ઝૂડી કેલ, દોઢ ચમચી તેલ, ૧ નાની ચમચી જીરું, ચપટી હિંગ, ૨ નંગ સૂકા લાલ મરચાં, ૧ નંગ લીલું મરચું ઝીણું સમારેલું, ૧ ચમચી આદુંની કતરણ,અડધી ચમચી આમચૂર પાઉડર, ૧ ચમચી કૂટેલા આખા ધાણા, સ્વાદાનુસાર મીઠું

બનાવવાની રીત : કેલને બરાબર સાફ કરીને ચારણીમાં રાખવી. પાણી બરાબર નીતરી જાય તે જોવું. ઝીણી સમારી લેવી. એક કડાઈમાં તેલ લેવું. તેમાં જીરું, આખા લાલ મરચાં, હિંગ નાખીને થોડું સાંતળવું. કેલની ભાજી ભેળવીને ધીમા તાપે ૨ મિનિટ સાંતળવું. મીઠું, ધાણા, આમચૂર પાઉડર ભેળવીને થોડું પાણી છંટકારીને ૫ મિનિટ માટે પકાવવું. બાઉલમાં કેલની ભાજી કાઢીને લેવી. ગરમાગરમ રોટલી કે પરાઠા સાથે તેનો સ્વાદ માણી શકાય છે.

### પાચનતંત્રને મજબૂત બનાવે

કેલનું પ્રમાણભાન રાખીને નિયમિત સેવન કરવાથી પાચન સંબંધિત પ્રશ્ર્નોનો ઝડપી ઉકેલ મળે છે. પ્રોબાયોટિક્સથી ભરપૂર હોવાને કારણે તેમજ ફાઈબરની માત્રા વધુ હોવાને કારણે પાચનતંત્રની ગરબડને ઝડપથી સુધારે છે.

### આયર્નનું મુખ્ય સ્ત્રોત

મહિલાઓને પિરિયડસ્ દરમિયાન શરીરમાં નબળાઈ વર્તાય છે. તેનાથી બચવા માટે કેલનું સેવન શ્રેષ્ઠ ગણાય છે. તેને કારણે શરીરમાં હિમોગ્લોબીન તેમજ એન્ઝાઈમના નિર્માણમાં મદદ મળે છે.શરીરમાં આયર્નની માત્રા વધે છે.

### હૃદયની તંદુરસ્તી માટે લાભકારી

કેલનું સેવન કરવાથી કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. એક અધ્યયન મુજબ કેલનો જ્યૂસ પીવાથી લોહીમાં સારું કૉલેસ્ટ્રોલ (એચડીએલ)ની માત્રા વધે છે. કોરોનરી આર્ટરી ડિસીઝના ખતરાથી બચી શકાય છે. હૃદયની તંદુરસ્તી માટે કેલનો ઉપયોગ આહારમાં લાભકારક બને છે. પોટેશિયમની માત્રા સારા પ્રમાણમાં હોવાથી બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

### આંખના સ્વાસ્થ્ય માટે લાભકારી

નાનાં બાળકોથી લઈને વડીલ વર્ગને આંખોની કોઈને કોઈ સમસ્યા જોવા મળે છે. તે માટે સતત ટી.વી, મોબાઈલ, કૉમ્પ્યુટર વગેરેનો અમર્યાદિત ઉપયોગ જવાબદાર ગણાય છે. તેમજ બહારની ચટપટી વાનગીઓની સાથે સૉસ-ચટણી વારંવાર ખવાતાં હોય છે. બિન-પોષણયુક્ત હોવાને કારણે જે લાંબે ગાળે આંખોની તકલીફને નિમંત્રણ આપે છે. નાની વયમાં ચશ્માં, ઓછું દેખાવાની સમસ્યા સર્જાય છે. તેનાથી બચવા માટે લીલા પત્તેદાર શાકભાજીનો સમાવેશ આહારમાં જરૂરી બની જાય છે. કેલનો ઉપયોગ કરવાથી આંખોની તંદુરસ્તીમાં સુધાર આવે છે. તેનું મુખ્ય કારણ તેમાં વિટામિન એની સાથે તેમાં લ્યૂટેન જિૅન્થિનની માત્રા ભરપૂર સમાયેલી છે. જે આંખોના સ્વાસ્થ્ય માટે લાભકારક ગણાય છે.



# ડાયાબિટીસમાં પગની સારવાર

ડાયાબિટીસમાં પગમાં દુખાવો થવો એ મોટી વાત નથી, પરંતુ આવા કિસ્સાઓમાં પગની સંભાળ ખૂબ જ જરૂરી છે. તેમાં પણ ચોમાસાની મોસમમાં ડાયાબિટીસના દર્દીઓએ વિશેષ કાળજી રાખવી પડે છે, કારણ કે આ સિઝનમાં બેક્ટેરિયલ ઈન્ફેક્શનનો ખતરો ઘણો વધી જાય છે. ડાયાબિટીસના દર્દીઓની રોગપ્રતિકારક શક્તિ નબળી હોવાથી તેમને આ સિઝનમાં સુરક્ષિત રહેવાની સલાહ આપવામાં આવે છે. બીજું, આ ઋતુમાં શરીરમાં શુગરનું પ્રમાણ વધવા લાગે છે, પછી શરીરનાં અંગોમાં નાના-મોટા ઘા કે ફંગસ થવા લાગે છે, જે ઘણીવાર ગંભીર સ્વરૂપ લઈ લે છે.

ડાયબિટીસને કારણે ઘણા લોકોના પગમાં રક્ત પરિભ્રમણ યોગ્ય રીતે થઇ શકતું નથી, જેના કારણે તેમનું શરીર ઈન્ફેક્શન સામે યોગ્ય રીતે લડી શકતું નથી.

ઘણીવાર નાની ઈજાને પણ સાજા થવામાં ઘણો સમય લાગે છે. આ પગના રજજુને પણ નુકસાન પહોંચાડે છે, જેના કારણે દર્દીને કળતર, બળતરા, હાથ-પગમાં સુન્નતા, પગમાંથી ચપ્પલ દૂર થઈ ગયા છે તે ખ્યાલ ન આવે વગેરે જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આને ડાયાબિટીક ન્યુરોપથી કહેવામાં આવે છે. જો ઈન્ફેક્શન વધી જાય તો પગમાં ગેંગરીન થવાનું જોખમ રહે છે, જેમાં ઘણીવાર શરીરનો એક અંગ કાપવો પણ પડી શકે છે. ડાયાબિટીસની યોગ્ય સારવાર ઉપરાંત, ડાયાબિટીસ ધરાવતા લોકોએ સ્વાસ્થ્ય વીમા યોજના પણ ખરીદવી જોઈએ. તે તમને આર્થિક રીતે મજબૂત રાખે છે.

# સેફએક્સપ્રેસ દ્વારા વાપી, ગુજરાતમાં અત્યાધુનિક લોજિસ્ટિક્સ પાર્કનો પ્રારંભ

## નવી સુવિધા ગુજરાતના આર્થિક વિકાસને વેગ આપશે

વાપીભારતની અગ્રણી સપ્લાય ચેઇન અને લોજિસ્ટિક્સ કંપની સેફએક્સપ્રેસ ગુજરાતના વાપીમાં પોતાના અત્યાધુનિક લોજિસ્ટિક્સ પાર્કનું ઉદ્ઘાટન કર્યું છે. NH-૪૮ નજીક, વાપી, વલસાડ, ગુજરાત ખાતે વ્યૂહાત્મક રીતે સ્થિત આ નવી સુવિધા પ્રદેશના લોજિસ્ટિક્સ માળખાને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. ઉદ્ઘાટન સમારોહમાં સેફએક્સપ્રેસ ના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.૩.૫૦ લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલો વાપી લોજિસ્ટિક્સ પાર્ક અદ્યતન ટ્રાન્સશિપમેન્ટ અને થર્ડ-પાર્ટી લોજિસ્ટિક્સ (3PL) સુવિધાઓથી સજ્જ છે. આ સુવિધા પ્રદેશના વ્યવસાયોની વધતી જતી વેરહાઉસિંગ અને વિતરણ સંબંધિત જરૂરિયાતોને પહોંચી વળવા માટે તૈયાર કરવામાં આવી છે. તેનાથી વધુ ઝડપી, કાર્યક્ષમ અને વિશ્વસનીય સપ્લાય ચેઇન કામગીરીને પ્રોત્સાહન મળશે.આધુનિક ક્રોસ-ડોક માળખાની મદદથી એકસાથે ૧૧૬થી વધુ વાહનોનું લોડિંગ અને અનલોડિંગ કરી શકાય છે, જે કામગીરીની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે. આ સુવિધામાં ૧૦૫ ફૂટથી વધુનો કોલમ-ફ્રી સ્પાન પણ છે, જે માલસામાનની અવરજવરને સરળ બનાવે છે. આ ઉપરાંત, ૧૬ ફૂટ



પહોળા કેન્ટિલિવર શેડ્સ તમામ હવામાન પરિસ્થિતિઓમાં લોડિંગ અને અનલોડિંગની કામગીરીને અવિરત ચાલુ રાખવામાં મદદરૂપ થશે.ગુજરાતમાં આવેલું વાપી ભારતના મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક કેન્દ્રોમાંનું એક છે. આ શહેર રસાયણો, ફાર્માસ્યુટિકલ્સ, કાપડ, પેકેજિંગ, કાગળ, પ્લાસ્ટિક અને એન્જિનિયરિંગ ક્ષેત્રોમાં મજબૂત ઔદ્યોગિક હાજરી ધરાવે છે. વાપી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ અને મુખ્ય બજારોની નજીક હોવાને કારણે અહીંનું ઔદ્યોગિક માળખું વધુ વિકસિત બન્યું છે, જેના પરિણામે વાપી ઉત્પાદન અને વિતરણ માટે એક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. અહીંના વૈવિધ્યસભર ઔદ્યોગિક ક્ષેત્રો સેફએક્સપ્રેસ જેવી લોજિસ્ટિક્સ કંપનીઓ માટે કાર્યક્ષમ પરિવહન, સમયસર ડિલિવરી અને સપ્લાય ચેઇનના વિસ્તરણને ટેકો આપવાની નોંધપાત્ર તકો ઊભી કરે છે.

## તંત્રી લેખ...

**સોમવાર, તા. ૧૨ ઓક્ટોબર ૨૦૨૬**

# રેપો દરમાં વધારો પડકારોને વધારશે

સમાન્ય નાગરિકોથી માંડીને મોટા ઉદ્યોગગૃહો સુધી તમામને મોંઘવારીનો બોજો સતત પડકારરૂપ બની રહ્યો છે. આવામાં સરકારે પોતાની સામેના આર્થિક પડકારોને હળવા બનાવવા નીતિલક્ષી વ્યાજ દર એટલે કે રેપો દરમાં ૦.૨૫ ટકાનો વધારો કર્યો છે. ચાર વર્ષ બાદ ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) દ્વારા કરાયેલા આ વધારાથી લોન પરના વ્યાજનો બોજો વધશે, જે સરવાળે મોંઘવારીનાં ચિત્રને વધુ ચિંતાજનક બનાવશે. ઈરાન અને અમેરિકાના જંગને લીધે ક્રૂડ તેલના ભડકે બળતા વૈશ્વિક ભાવો અને તેને પગલે ઊભા થઈ રહેલા આર્થિક પડકારો વચ્ચે રૂપિયાની કિંમત સતત ઘટી રહી હોવાના સંજોગોમાં સરકાર માટે આર્થિક પગલાંને વધુ કડક કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. સામાન્ય રીતે મોંઘવારીના બોજાથી સમાન્ય નાગરિકોને બચાવવા આરબીઆઈ આર્થિક નીતિને સમયાંતરે હળવી બનાવીને રેપો દરમાં રાહત આપતી રહેતી હોય છે, પણ હવે જ્યારે વ્યાપક રીતે આર્થિક પડકારો વધુ મુશ્કેલ બનતાં બેંકને નીતિને કડક બનાવવાનું અનિવાર્ય જણાયું છે. દેશભરની બેંકો આરબીઆઈ પાસેથી નાણાં મેળવે તેના વ્યાજને રેપો દર કહેવાય છે. સ્વભાવિક રીતે રેપો દર વધતા સૌથી મોટી અસર ધિરાણની લેવડ દેવડ પર પડી શકે છે. મકાન અને વાહન સહિતની લોનો મોંઘી થતા તેની માંગ પર અવળી અસર પડશે. હાલના લોનધારકોને વધુ માસિક હપ્તા ભરવા પડી શકે છે. સરવાળે આમે પણ મોંઘવારીનો બોજો અનુભવી રહેલા સમાન્ય લોકોને હવે બેવડા પડકારોનો સામનો કરવો પડશે. આમતો આરબીઆઈ આવું પગલું લેશે એમ થોડા સમયથી જણાતું હતું , પણ હવે જે સંજોગો છે તે જોતાં આવનારા નજીકના ભવિષ્યમાં આ દરમાં ફરી ઘટાડો થાય એમ જણાતું નથી. ચિંતાની બાબત એ છે કે, અર્થતંત્ર સામેના પડકારો હળવા ન બને, તો આવનારા સમયમાં રેપો દર ફરી વધી શકે તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી. જો કે, તહેવારોની મોસમ શરૂ થઈ રહી છે તેવા સમયે આરબીઆઈએ આ કડવો નિર્ણય લઈને સૌને ચોંકાવી મુક્યા છે. તહેવારોની મોસમમાં લોકો સામાન્ય રીતે ઘર, મકાન અને અન્ય વસ્તુઓની ખરીદી કરતા હોય છે. વેપાર અને ઉદ્યોગક્ષેત્ર તેમના વિસ્તરણ માટે ધિરાણ લેતા હોય છે, હવે રેપો દર વધતા આ બધી જરૂરતો અને વહેવારો પર વ્યાજ દરના વધારાનો ઓછાયો અનુભવાશે. વળી, રેપો દર વધવાથી વ્યાજ અને હપ્તાનો બોજો વધે, તો સ્વાભાવિક રીતે બજારમાં માંગ ઓછી થઈ જાય તેમ છે. આમ થાય, તો વસ્તુઓ અને સેવાના અર્થતંત્રમાં વિકાસ અટકી શકે તેમ છે. માંગ ઓછી થાય તો કંપનીઓ રોકાણના પ્રમાણમાં ઘટાડો કરી શકે છે. સરવાળે અર્થતંત્રના વિકાસ પર તેની અસર વર્તાય છે. જો કે, આરબીઆઈએ આ વખતના વિકાસ દરનો ૭.૧ ટકાનો અંદાજ બાંધીને થોડી રાહતનો અનુભવ કરાવ્યો છે, પણ તેની સાથોસાથ મોંઘવારીનો દર પાંચ ટકાથી વધીને ૫.૨ ટકા રહેશે એવું અનુમાન આપીને આવનારા કપરા સમયની ચેતવણી પણ આપી દીધી છે.

# ગુનેગારોમાં ભય જાગે એવી સુપ્રીમ લાગણી

પોલીસ તંત્ર દ્વારા ગુનેગારોની સામે હાથ ધરાતી કડક કાર્યવાહીની સામે સવાલ ઊઠાવનારાને હવે સર્વોચ્ચ અદાલતે જવાબ આપી દીધો છે. મહિલાઓ અને બાળકોની સામે યૌન અપરાધોમાં ગુનેગારોનાં મનમાં કાયદાનો ડર ઊભો કરાવવા પોલીસ દ્વારા થતી કાર્યવાહીને સુપ્રીમ કોર્ટે પણ જરૂરી ગણાવી છે. કાયદાનું પાલન કરાવતી એજન્સીઓ સામાન્ય રીતે ગુનો બન્યા બાદ સજા કરાવવા સક્રિય બનતી હોય છે, પણ યૌન શોષણ જેવા ગુનામાં ગુનેગારો સામેની કડક કાર્યવાહીથી અપરાધીઓમાં ડર જાગે તેનાથી ગુનો આચરવાથી તે હિંમત ન કરી શકે. રાજધાની વિસ્તારમાં ૪૮ દિવસમાં સગીરાઓના સામુહિક બળાત્કારના બનેલા ત્રણ બનાવની નોંધ લઈને સર્વોચ્ચ અદાલતે ગુનેગારોમાં ડર ઊભો કરવા પર ખાસ ભાર મુક્યો છે. અદાલતના વિધાનથી એક કડવી વાસ્તવિક્તાને સ્વીકૃતિ મળી છે કે, જ્યાં સુધી અપરાધીનાં મનમાં મોતનો ડર નહીં જાગે, ત્યાં સુધી આવા ગુના અટકશે નહીં. અદાલતની આ લાગણી કોઈ બદલાની ભાવનાનું પ્રતિબિંબ પાડતી નથી, પરંતુ કાયદાને વધુ અસરકારક રીતે દેખીતો બનાવવાની જરૂરત છતી કરે છે. ઉલ્લેખનીય છે કે, ગઈ ચોથી ઓગસ્ટના ગ્રેટર નોઈડાથી દિલ્હી જતી બસમાં ૧૬ વર્ષની સગીરા સાથે સામૂહિક બળાત્કાર થયો હતો, તો ૧૨મી સપ્ટેમ્બરે સ્વરૂપનગર વિસ્તારમાં એક સગીરાની સાથે ગેંગ રેપ કરીને તેની હત્યા કરી દેવાઈ હતી. ૨૧મી સપ્ટેમ્બરના આસ્થાકુંજ પાર્કમાં ત્રણ હેવાને ૧૭ વર્ષની વિદ્યાર્થિનીની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આમ તો આ ત્રણે બનાવ અલગ અલગ હતા, પણ તેમાં એક વાત છતી થઈ છે કે, ગુનેગારોમાં કાયદો અને વ્યવસ્થા માટેનો ડર જણાયો ન હતો. સર્વોચ્ચ અદાલતે ગુનેગારોમાં કાયદાના ડરના મુદ્દા પર પોલીસ અને વહીવટ તંત્રની જવાબદારી નક્કી કરવાની જરૂરત પર ભાર મુક્યો છે. અદાલતે સ્પષ્ટ રીતે કહ્યંઅ છે કે, માત્ર કાગળ પર યોજના બનાવવી પુરતી નથી. જરૂરત પડયે પોલીસે કડક કાર્યવાહી કરવાથી ખચકાવું જોઈએ નહીં. અદાલતે ગુનેગારો સામેની કાર્યવાહીમાં માનવ અધિકારોના ઊભા થતા મુદ્દાથી પોલીસ ખચકાય નહીં એવી પણ સલાહ આપી છે. ગુનાખોરીના આંકડા મુજબ ૨૦૨૪માં દિલ્હીમાં પોસ્કોના ૧,૫૫૩ ગુના પોલીસ ચોપડે નોંધાયા હતા. ૨૦૨૫ના આંકડા હજી સામે આવ્યા નથી. નોંધનીય બાબત એ છે કે, આ આંકડા માત્ર પોલીસ ચોપડે નોંધાયેલા બનાવોના છે. પોલીસ સુધી ન પહોંચેલી ફરિયાદો વધુ હોઈ શકે છે. આ સંદર્ભમાં ગુનેગારોમાં મોતના ડરના સર્વોચ્ચ અદાલતના વિધાનને કાયદાથી પર કાર્યવાહીને યોગ્ય ગણવાની કોઈ વાત નથી. ખરેખર તો પોલીસ તંત્ર આવા બનાવોની ઝડપી અને સચોટ તપાસ કરીને ગુનેગારોને જબ્બે કરી લેવા જોઈએ. તેની સાથોસાથ આવા ગુનામાં મજબૂત તપાસ, પુરાવા અને અદાલતમાં ક્ષતિરહિત ચાર્જશીટ માટે પોલીસે વધુ કાળજી લઈને ગુનેગારોમાં આવા અપરાધ કરીને બચી નહીં શકાય એવો ડર જગાવવાની અદાલતની લાગણી જણાઈ રહી છે.

### ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારી થાય છે

# મોદીવિરોધી મોરચામાં મતભેદ અને વિશ્વાસનો અભાવ

## રાહુલ ગાંધીનું આંદોલન અસરકારક અને આક્રમક હોવાથી મમતા અને ઉદ્ધવ ઠાકરેએ રાહુલનો હાથ પકડયો છે !

જ્ઞાનેશકુમાર અને મોદી સરકારને હટાવવાની માગણી વિરોધી પક્ષોની હોવા છતાં મોદીવિરોધી મોરચામાં એકતા નથી - વાસ્તવમાં પરસ્પર વિશ્વાસનો જ અભાવ છે. કાકરોચ પાર્ટી મોદીવિરોધી જ છે, પણ પરોક્ષ પડકાર કોંગ્રેસને છે ! આ ઉપરાંત, માયાવતી, મમતા તથા ડાબેરી પક્ષો ફોટા પાડવામાં રાહુલ ગાંધી સાથે ઊભા રહે છે, પણ સહકાર કોકરોચ પાર્ટીને આપે છે ! આ મનભેદ જાહેર જનતાની નજર સામે છે. યુવાવર્ગ અને વિદ્યાર્થીઓ રાહુલ ગાંધીથી દૂર જઈ રહ્યા છે અને કોકરોચ પાર્ટીની નજીક જઈ રહ્યા છે - રાહુલ ગાંધી માટે આ ચિંતાનો વિષય છે. મોદીના વિકલ્પ બનવું છે, પણ વિપક્ષની એકતા છે ખરી ? ચૂંટણી થાય અને પરિણામ આવે તે પહેલાં ભવિષ્યની ખાતરી હોવી જોઈએ - તો પછી કોકરોચને મનાવી શકાશે ? કોકરોચની પાછળ કેજરીવાલનું ભેજું છે અને સત્તા મળે નહીં તો દેશભરમાં અરાજક્તા ફેલાવવાની વિચારધારા છે. રાહુલ ગાંધી અત્યારે ચૂંટણી કમિશનર સામેનાં વિરોધ આંદોલનનાં કેન્દ્રમાં છે. સમગ્ર આંદોલન એમનાં જ નેતૃત્વમાં ચાલી રહ્યું છે, તેથી કોંગ્રેસ પાર્ટી અને 'એક જ નેતા રાહુલ ગાંધી' હોવાની છાપ સમગ્ર દેશમાં પડી છે. આંદોલનના આરંભમાં મમતા બેનરજીએ જાહેર કર્યું કે 'રાહુલ ગાંધી એકમાત્ર વડાપ્રધાનપદના ઉમેદવાર કે દાવેદાર છે અને અમને (અર્થાત્ તમામ વિપક્ષોને) વાંધો - વિરોધ નથી, ત્યારે કોંગ્રેસના (હંગામી) પ્રમુખ ખડગેએ સ્પષ્ટતા કરી કે આ લડાઈ વડાપ્રધાનપદ અથવા સત્તા માટે નથી. આંદોલન 'ન્યાય' માટે છે. આ 'સ્પષ્ટતા' કરવામાં આવી, જેથી વિપક્ષી છાવણીમાં વડાપ્રધાન બનવાનાં દીવાસ્વપ્ન જોઈ રહેલા નેતાઓ વિદ્રોહ કરે નહીં. જો કે, 'સ્પષ્ટતા' કોઈ અભયવચન અથવા ભીષ્મપ્રતિજ્ઞા નથી. રાજકારણ - સત્તાકેન્દ્રી છે - કોઈ નેતા સાધુ - સંત નથી અને બનવા માગતા પણ નથી. વાસ્તવમાં કોંગ્રેસ અને રાહુલ ગાંધીને અન્ય 'પ્રતિસ્પર્ધી' નેતાઓ ઉપર ભરોસો નથી અને અન્ય નેતાઓને રાહુલ તથા કોંગ્રેસ ઉપર પણ ભરોસો નથી. વિપક્ષો ચૂંટણીપંચ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હટાવવા ભેગા થયા છે, પણ આ સગવડિયા ધર્મ જેવી સમજૂતી છે. વિશ્વાસનો અભાવ છે : સૌ કોઈ એકબીજાંનો તથા કોંગ્રેસનો ઉપયોગ કરે છે ! રાહુલ ગાંધી પહેલા દિવસથી જ વિપક્ષી એકતા ઉપર ભાર મૂકી રહ્યા છે. આમ છતાં પોતાનો વ્યૂહ - રણનીતિ ખાનગી - ગુપ્ત રાખી રહ્યા છે ! પેપર લીક વિરોધી આંદોલન શરૂ થયું અને અભિજિત દીપકે અમેરિકાનાં આસમાનથી જંતર - મંતરમાં ટપકી પડયા ત્યારે જ રાહુલ ગાંધીના સલાહકારો ચોંકી ઊઠયા હતા અને અરવિંદ કેજરીવાલનો હાથ હોવાનું જણાયું હતું, તેથી રાહુલ અળગા રહ્યા અને અચાનક સંસદ ભવન અને પછી વડાપ્રધાનનાં નિવાસસ્થાને કૂચ કરવાનો નિર્ણય લેવાયો. કોઈ એડવાન્સ જાહેરાત કરી નહીં. કેજરીવાલ વિદ્યાર્થી આંદોલન 'હાઈજેક' કરવાની કોંગ્રેસની 'ચાલબાજી' હોવાથી જોડાયા નહીં. વડાપ્રધાનનાં નિવાસસ્થાન બહાર રાહુલે ધરણાં કર્યાં - જમીન ઉપર બેસી ગયા. આખરે પોલીસનાં નાકે દમ આવ્યો, પણ આ અપવાદ નહીં. વ્યૂહ છે અને તેની શરૂઆત એમનાં દાદી - ઈન્દિરા ગાંધીએ કરી હતી. ૧૯૭૭માં જનતા પાર્ટીને બહુમતી મળી. સરકાર આવી તે પછી ઈમર્જન્સીમાં સત્તાનો ઘોર દુરુપયોગ કરવા બદલ લોકસભાએ ઈન્દિરાજીને પદભ્રષ્ટ કર્યાં : સભ્યપદ રદ કર્યું, ત્યારે ઈન્દિરા ગાંધીએ ગૃહ - લોકસભામાં ધરણાં - (સત્યાગ્રહ કે સત્તાગ્રહ ?) કરીને બેસી રહ્યાં. આ લખનાર આ ઘટનાનો સાક્ષી છે - કહેવાતા કોંગ્રેસ કાર્યકરો સંસદ ભવનના રક્ષકોને હડસેલીને સીધા લોકસભાની અંદર પ્રવેશ્યા. ઈન્દિરાજી માટે કોફી લાવવામાં આવી. ગૃહમાં સ્પીકરનાં સિંહાસન ઉપર બેસીને કોંગ્રેસી નેતાએ તત્કાલીન સ્પીકર - સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ કે.એસ. હેગડેની મિમિક્રી કરીને ચાળા પાડયા ! સૌનું 'મનોરંજન' થયું ! સંવિધાન અને સંસ્થાઓનું અવમૂલ્યન - ઠેકડી ઉડાવવાની શરૂઆત તો ત્યારે જ શરૂ થઈ હતી. આજે જે થઈ રહ્યું છે તેની 'નવાઈ' નથી ! રાહુલ ગાંધીએ ગયા શનિવારે એમના પક્ષની બેઠકમાં કહ્યું હતું. આપણે આંદોલનમાં વ્યૂહ ગુપ્ત, ખાનગી રાખીને સૌને આશ્ચર્યમૂઢ બનાવી દેવા જોઈએ. (અન્ય પક્ષો ઉપરાંત) પોલીસ અને સરકારને પણ ખ્યાલ આવે નહીં - એવું આશ્ચર્ય - આઘાત આપવો જોઈએ. આ પછી નિર્વાચન ભવન ભણી જવાની કૂચ શરૂ થઈ પોલીસે રોક્યા પછી પ્રિયંકા ગાંધી વડરા રસ્તા ઉપર લેટી ગયાં - કુછ ભી હો મૈં નહીં હટૂંગી ! અને રાહુલ ગાંધી નજીકનાં આકાશવાણી ભવનનો ગેટ ધરાર વટાવીને પછી દીવાલની પાળી ઉપર બેસી ગયા. લાઉડસ્પીકર - પત્રકારો - ફોટોગ્રાફરો તરત ગોઠવાઈ ગયા, પણ પાછલા દરવાજેથી નજીકનાં નિર્વાચન સદન પહોંચવાનો પ્લાન નિષ્ફળ ગયો. બીજા દિવસે જંતર - મંતર જઈ શક્યા નહીં તો જનપથની હોટેલમાં સંસદસભ્યોને ભોજન માટે ખડગેસાહેબે આમંત્ર્યા, પણ સમાજવાદી પાર્ટીના સભ્યોએ બહિષ્કાર કર્યો - એમને આમંત્રણ નહોતું ! બીજી બાજુ, 'આપ' - કેજરીવાલના કાર્યકરોએ જૂની દિલ્હીમાં દેખાવો કર્યા - કોંગ્રેસ કહે છે અમને જણાવ્યું નહતું અને 'આપ' ગયા પછી કોંગ્રેસીઓએ ભેગા થઈને સૂત્રો પોકાર્યાં, મન મનાવ્યું ! ગયા ફેબ્રુઆરીમાં અંઈ શિખર પરિષદ મળી રહી હતી, ત્યારે કોંગ્રેસી કાર્યકરોએ શર્ટ ઉતારીને ભારતની ગરીબાઈ - દરિદ્રતાનું પ્રદર્શન કર્યું એ પણ પૂર્વયોજિત હતું ! આ વખતે રાહુલે પોલીસના બેરિકેડ ઉપર ચડીને ભાષણ કર્યું. આમ રાહુલનો વ્યૂહ અને આદેશ છે કે દેખાવો ચીલાચાલુ ઢબે કરવાને બદલે નવા કીમિયા અજમાવો...! ચૂંટણી કમિશનરને રૂબરૂ મળીને આવેદનપત્ર આપવાની જાહેરાત થઈ હતી. ૧૨૫૦ જણનાં 'પ્રતિનિધિ મંડળ'ને પરવાનગી અપાઈ નહીં. તો માગણી થઈ કે હવે સંસદ ભવનના એનેક્સી - જોડિયાં ભવનમાં આવીને અમારા ૨૪૦ સાંસદોને મળો ! નિયમ મુજબ મુખ્ય કમિશનર કોઈપણ પ્રતિનિધિ મંડળને નિર્વાચન ભવનમાં જ મળે - સામેથી બહાર જઈને આવેદનપત્ર સ્વીકારાય નહીં. આમ છતાં પંચના ઉચ્ચ અધિકારીને મોકલવાની તૈયારી બતાવી, પણ 'આંગણું' વાંકું લાગ્યું રાહુલને ! આવી જ રીતે, રાષ્ટ્રપતિને મળવાની વાત આવી ત્યારે પણ પ્રતિનિધિ મંડળની સંખ્યાનો વિચાર કર્યો નહીં.'ચીલાચાલુ' વિરોધના બદલે નવા કીમિયા અજમાવવાનો વ્યૂહ કોકરોચને પાછળ રાખી દેવાનો છે. કોકરોચ પણ કોઈ 'કાચા' નથી. શરૂઆતમાં રાહુલ ગાંધીએ કહ્યું કે ચૂંટણી કમિશનર યુવા જેન - ઝીનો મતાધિકાર છીનવી લેવા માગે છે, ત્યારે જ કોકરોચને મુદ્દો મળી ગયો - કોંગ્રેસનાં આંદોલનમાં જોડાવાને બદલે અલગ - મુંબઈમાં અને હવે નવી દિલ્હીમાં આવ્યા - જંતર - મંતર - ટુ એવી જાહેરાત પણ કરી કે કોઈ રાજકીય પક્ષના ભેદભાવ નથી અર્થાત્ કોઈની નેતાગીરી નથી ! તમામ પક્ષોનાં વિદ્યાર્થી સંગઠનોને બોલાવ્યાં - ચલો દિલ્હી. અને જ્યાં સુધી જ્ઞાનેશકુમાર ઉપરાંત મોદી, અમિત શાહ અને મોહન ભાગવતને નહીં હટાવાય ત્યાં સુધી જંતર - મંતરથી હટીશું નહીં ! આમ, વિરોધ પક્ષો વચ્ચે સ્પર્ધા છે, એકતા નહીં. ઉત્તરપ્રદેશમાં અખિલેશ યાદવ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને વધુ બેઠકો ફાળવવા તૈયાર નથી. પાંચ વર્ષ પહેલાં કોંગ્રેસે માત્ર બે બેઠક જીતી હતી. હવે ૨૦૦ માગે છે ! નવી દિલ્હીમાં રાહુલ ગાંધીનાં પ્રદર્શનમાં સમાજવાદી પક્ષના ઝંડા ફરકાવીને રાહુલને 'આશ્ચર્ય' આપ્યું !ચૂંટણીપંચનો વિવાદ શરૂ થયો તે પહેલાં પ્રાદેશિક પક્ષોએ ભાજપ અને કોંગ્રેસને બાકાત રાખીને ત્રીજા મોરચાની હિલચાલ શરૂ કરી હતી. કોંગ્રેસે દગો કર્યા પછી ડીએમકેના નેતા કની મોંઝીએ મમતા, ઉદ્ધવ ઠાકરે અને રાષ્ટ્રવાદી કોંગ્રેસનાં સુપ્રિયા સુળેનો સંપર્ક કર્યો હતો.

### ગઢશીશામાં અંબેમા, ડોણમાં આયુમાતા અને કોટડા (ચ) પંથકમાં ભેડમાતા, ખડીરમાં રણકાંધીએ

# માવડી મઢવાળી રે, આશાપુરા સૌની રખવાળી...

- ડુંગરોમાં થતી એક સુગંધિત વનસ્પતિનો પતરી માટે ઉપયોગ થાય છે. માતાજીની મૂર્તિની જમણી ભુજા ઉપર પતરીનો ગુચ્છો સિંદૂરમાં ચોંટાડી દેવાય છે.

પહેલાં આસો નોરતે સૌને શુભેચ્છાઓ... અશ્વિન નોરતાંનાં આગમન સાથે દેવીભક્તિનો માહોલ છવાઇ જાય છે. ગુજરાત - કચ્છમાં ઠેર ઠેર આદ્યશક્તિનાં બેસણાં છે. અંબાજીમાં દર વર્ષે લાખો ભક્તો ઊમટે, પાવાગઢમાં કાલિકામાતા બિરાજમાન છે. ખોડલધામમાં ખોડિયારનાં બેસણાં છે. ઊંઝામાં ઉમિયામાતાના આશીર્વાદ મળે. બહુચરાજીમાં બહુચરામાનાં દર્શને ભાવિકો ઊમટે છે. ચોટીલામાં ચામુંડામાતાનાં દર્શને પણ લાખો લોકો ઊમટે છે. કચ્છનું માતાના મઢ ધામ પણ એવું જ મહિમામય બની રહ્યું છે. કચ્છની વાત કરીએ તો દરેક વિસ્તારમાં શક્તિપીઠ સ્થાપિત છે. મઢમાં દેશદેવી આશાપુરા, ભુજમાંય આશાપુરા મંદિરે દરેક તહેવારો - શુભ પ્રસંગોએ દર્શન કરવાનું મુખ્ય ધામ બની રહ્યું છે. રવમાં રવેચી, મમાયમોરામાં મોમાય માને પૂજનારો મોટો વર્ગ છે. નેત્રામાં જોગમાયા, વિંઝાણમાં વિંધ્યવાસિની, હબાયમાં વાઘેશ્વરી દેવી, રુદ્રમાતામાં રુદ્રાણીદેવીનાં બેસણાં છે. ગોધરા (માંડવી)નું અંબેધામ અને ભચાઉ પંથકમાં કબરાઉ પાસે મોગલધામ જાણે મોટાં તીર્થધામ બની રહ્યાં છે. માંડવીમાં રતડિયા શ્રીપીઠનો પ્રતાપ વિસ્તર્યો છે. દરિયાકાંઠે આશરમાતાની ફરફરતી ધજા શ્રદ્ધાળુઓને ખેંચે છે. ગઢશીશામાં અંબેમા, ડોણમાં આયુમાતા અને કોટડા (ચ) પંથકમાં ભેડમાતા, ખડીરમાં રણકાંધીએ એકલમાનો ઘણો મહિમા છે. ગાંધીધામ - આદિપુર વિસ્તારમાં સંતોષીમાતા મંદિર દક્ષિણ ભારતીય શૈલીથી બંધાયું છે. અંજાર તાલુકામાં જોગણીનાળમાં ૬૪ જોગણીનાં દર્શન મનને શાતા આપે છે. જરૂમાં બહુચરાજીમાતા અને વીરામાં હરસિદ્ધિમાતા, વાંઢાયમાં ઉમિયામા, દેશલપર (ગું.)માં ગુંતલીમાતા એ વિસ્તારની રક્ષા કરતાં બિરાજે છે. કચ્છભરમાં ગાયત્રી શક્તિપીઠોની ઊર્જા કચ્છનાં રખોપાં કરી રહી છે. કચ્છ માટે નવરાત્રિ શક્તિપૂજા અને સેવાનો અનેરો સંગમ બની રહે છે. પરંપરાગત અને પ્રોફેશનલ રાસગરબા સાથે માતાના મઢની પદયાત્રા વણાઇ ચૂકી છે. ભક્તોનાં અરમાન પૂરાં કરતી દેશદેવી મા આશાપુરાનાં માતાના મઢમાં દર્શન થાય છે. નવરાત્રિમાં માતાના મઢની પદયાત્રાનો મહિમા ચોમેર વિસ્તરી ચૂક્યો છે. એક સમયે નાના પાયે અને વધુ કષ્ટ વેઠીને થતી પદયાત્રા આજે વિશાળ માનવપ્રવાહમાં પરિવર્તિત થઇ ચૂકી છે. દર વર્ષે દેશના દૂર દૂરના વિસ્તારમાંથી માઇભક્તો 'જય માતાજી'ના ઘોષ સાથે ઊમટતા થયા છે. લાખો લોકો પગપાળા હોય...સંઘ સ્વરૂપે કે પરિવાર સાથે હોય... કોઇ કાર કે બસમાં આવે... જુવાનિયા ટુ વ્હીલરમાં હોય... ક્યાંક નાનાં બાળકને ઝોળીમાં ઝુલાવીને લહેરથી આગળ ધપતો પરિવાર જોવા મળે. કોઇ જમીન પર લેટતાં લેટતાં આગળ ધપે... પોતાની પંગુતાને અવગણીને સેંકડો વિકલાંગ ચાલતાં કે ત્રિચક્રી સાઇકલ પર આત્મબળે દેશદેવીના દરબારમાં શીશ ઝુકાવવા પહોંચી જાય છે. માતાજીની આરાધનામાં સેવાની ભક્તિની સુગંધ આશાપુરી ધૂપ જેવી સોડમ આપે છે. વિશાળ વર્ગ છે, જે સેવા કેમ્પો લગાડીને પદયાત્રીઓની સુખ - સુવિધા સાચવે છે. આ સમગ્ર ઘટનાક્રમ દરમ્યાન કોમીએકતાની મિશાલ જોવા મળે છે. કચ્છની આ જ તો તાસીર છે. અનેક દુષ્પ્રયાસ અને ઉધામા છતાં આપણા ભાઇચારા અને ઐક્યનાં તંતુ હજુ મજબૂત રીતે જોડાયેલા છે. માતાના મઢનું ભવ્ય મંદિર આજે શ્રદ્ધાળુ અને ભક્તિનું મોટું ધામ બની રહ્યું છે. કચ્છનાં ધણિયાણી આશાપુરાનું સ્વરૂપ અનોખું છે, એવી જ નોખી અહીંની પરંપરા છે. દરરોજ વહેલી આરતી અને સંધ્યાઆરતી વખતે મુસ્લિમ લંઘા પરિવાર ઢોલ - શરણાઇ વગાડે છે. આમદ ઉસ્તાદભાઇને મળીએ ત્યારે 'જય માતાજી'થી વાતની શરૂઆત કરે... તેમનો આખો પરિવાર માતાજીમાં અપાર શ્રદ્ધા ધરાવે છે. માતાના મઢ મંદિર પરિસરનું સ્વરૂપ હવે બદલી ગયું છે. કરોડોના ખર્ચે વિકાસ થઇ રહ્યો છે. બાહ્ય માળખાંમાં ભલે ફેરફાર થાય, પણ અહીંની મૂળ પરંપરા આજે પણ યથાવત રહી છે. માતાના મઢમાં નવરાત્રિ પ્રસંગે બે મુખ્ય વિધિ થાય છે, તે બંને વિશિષ્ટ છે અને બંનેમાં લોક્માંગલ્યની ઉદાત્ત ભાવનાનાં દર્શન થાય છે. ઈતિહાસવિદ્ ઉમિયાશંકર અજાણીએ આ વિશે નોંધ્યું છે કે બીજે બધે નવરાત્રિની પૂર્ણાહુતિના હવન આઠમના થાય, જ્યારે માતાના મઢમાં (ઉપરાંત ભુજ આશાપુરા મંદિરે) સાતમના મધ્યરાત્રિએ થાય છે. વૈદિક મંત્રોચ્ચાર સાથે રાજાબાવા હવન કરાવે છે. બીજે દિવસે આઠમની સવારે કચ્છના મહારાવ (હવે તેમના પ્રતિનિધિ) માતાજીને જાતર ચડાવે અને જીવમાત્રની સુખાકારી માટે માતાજી સન્મુખ ખોળો પાથરીને અરદાશ કરે છે. આને 'પતરીવિધિ' તરીકે સામાન્ય ભાવિકો ઓળખે છે. ડુંગરોમાં થતી એક સુગંધિત વનસ્પતિનો પતરી માટે ઉપયોગ થાય છે. માતાજીની મૂર્તિની જમણી ભુજા ઉપર પતરીનો ગુચ્છો સિંદૂરમાં ચોંટાડી દેવાય છે. ઘંટારવ સાથે ડાક વાગવા માંડે, ભૂવા દુહા - છંદ ને શ્લોક બોલવા માંડે... એક ઘેરો ગંભીર નાદ મંદિરનાં ગર્ભગૃહમાં ઘૂમરાવા માંડે. વાતાવરણમાં જીવંતતા વર્તાય... મૂર્તિની સામે ઊભેલા રાજપરિવારના પ્રતિનિધિ ખભે રાખેલા ખેસ - પછેડીના છેડા પકડીને મા સામે ખોળો પાથરે છે. શ્રદ્ધાળુઓ કહે છે, સાચા અંતરથી માને અરદાશ થાય અને માતાજીની જમણી ભુજા પરથી પતરીનો કેટલોક ભાગ પડે એટલે માતાજીનો જય જયકાર ગૂંજી ઊઠે. ભુજ આશાપુરા મંદિરે પણ આ વિધિ રાજપરિવાર દ્વારા થાય છે. કચ્છની શક્તિપીઠો અને બીજાં યાત્રાધામો પ્રવાસનનું મોટું આકર્ષણ છે. પદયાત્રાનો પ્રવાહ અલબત્ત, ધાર્મિક ટૂરિઝમ તરીકે ન ખપાવી શકાય. મા આશાપુરાનાં દર્શન કરવાની મનસા સાથે દૂર દૂરથી આવતા શ્રદ્ધાળુઓમાં મોટો વર્ગ પદયાત્રીનો હોય છે, જેઓ પદયાત્રા પૂરી થયા પછી ભાવવિભોર થઇને ઉતાવળે ઘરે પહોંચતા હોય છે. હા, વાહન દ્વારા આવનારા શ્રદ્ધાળુઓ શાપિંગ માટે ભુજ કે અન્યત્ર જતા હોય ખરા. દેશદેવીનો મહિમા વધતો ચાલ્યો છે. - નમો આદિ અનાદિ, તૂ હી મા ભવાની, તૂ હી જોગમાયા, તૂ હી બાકબાની... આઈ આશાપુરાનાં દિવ્ય પ્રાગટ્યને વંદીને નવરાત્રિના શુભ અવસરે સમગ્ર કચ્છ અને રાષ્ટ્રનાં સદા - સર્વર્થા કલ્યાણની કામના કરીએ.

### ટ્રમ્પનું કહેવું છે કે, પોતે પ્રમુખ બન્યા પછી ૮ યુદ્ધ રોક્યાં હોવાથી ખરેખર તો પોતે ૮ વાર નોબલ પ્રાઈઝના હકદાર છે

# ટ્રમ્પનો નોબલ પ્રાઈઝ વિશે લવારો, ડોહાની ડાગળી હાચે ચસકી છે

## ૨૦૨૦ની પ્રમુખપદની ચૂંટણી વખતે તો ટ્રમ્પે બધી હદ વટાવીને કહી દીધેલું કે, બરાક ઓબામાને નોબલ પ્રાઈઝ અપાતો હોય તો પોતાને પણ મળવો જોઈએ કેમ કે પોતે વધારે લાયક છે.

ભારતીય મૂળનાં સાઉથ આફ્રિકન ન્યાયવિદ નવનેથમ 'નાવી' પિલ્લઈને ૨૦૨૬ના વર્ષ માટે શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ આપવાની જાહેરાત થઈ એ સાથે જ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પાછા ભૂરાંટા થયા છે. ટ્રમ્પે નોબેલ શાંતિ પુરસ્કાર પોતાને ના મળ્યો એ બદલ જાહેરમાં બળાપો કાઢ્યો છે અને એવા લવારા કર્યા છે કે, જે સાંભળીને એવું જ લાગે કે ડોહાની ડાગળી પૂરેપૂરી ચસકી ગઈ છે. ટ્રમ્પનું કહેવું છે કે, પોતે પ્રમુખ બન્યા પછી ૮ યુદ્ધ રોક્યાં હોવાથી ખરેખર તો પોતે ૮ વાર નોબલ પ્રાઈઝના હકદાર છે પણ એક પણ વાર નોબલ પ્રાઈઝ નહીં આપીને નોર્વેએ પોતાના માથે એવી કાળી ટીલી લગાવી દીધી છે કે જે કદી નહીં ભૂંસાય. ડાયનેમાઈટના શોધક આલ્ફ્રેડ નોબલે બનાવેલા ટ્રસ્ટમાંથી નોર્વે નોબલ પ્રાઈઝ આપે છે તેથી ટ્રમ્પે નોર્વેને લઈ પાડ્યું છે. ટ્રમ્પે નોબલ વિજેતા નવનેથમ 'નાવી' પિલ્લઈને પણ નથી છોડ્યાં. ટ્રમ્પના કહેવા પ્રમાણે તો નવનેથમ 'નાવી' પિલ્લઈને કોઈ ભોજીયોભાઈ પણ ઓળખતું નથી ને દુનિયામાં કોઈ તેમના વિશે કંઈ જાણતું પણ નથી. ટ્રમ્પના કહેવા પ્રમાણે તો નોબેલ પુરસ્કાર એવી ઉદારવાદી વ્યક્તિને આપવામાં આવ્યો છે કે જે યુનાઈટેડ નેશન્સમાં કામ કરે છે અને જેમના વિશે કોઈએ કંઈ જ સાંભળ્યું નથી.આ વાત સાંભળીને ટ્રમ્પની બુદ્ધિની દયા ખાવી કે તેમના જનરલ નોલેજ પર હસવું એ ખબર પડતી નથી. દયા તો અમેરિકાની પ્રજાની પણ આવે છે કે, આવો નમૂનો તેમનો પ્રમુખ છે. ખેર, ટ્રમ્પ પોતે મોડલો અને પોર્ન એક્ટ્રેસીસને જ ઓળખતા હોય એટલે તેમને નવનેથમ 'નાવી' પિલ્લઈ વિશે ખબર ના હોય એ શક્ય છે પણ આંતરરાષ્ટ્રીય સ્તરે નવનેથમ 'નાવી' પિલ્લઈ જાણીતું નામ છે. દક્ષિણ આફ્રિકાના ડરબનમાં ભારતીય તમિલ મૂળના એકદમ ગરીબ પરિવારમાં જન્મેલાં નવનેથમ નાવી પિલ્લઈએ પહેલાં તો આફ્રિકામાં જ યશસ્વી કામગીરી કરીને ડંકો વગાડેલો.આફ્રિકામાં કાળા-ગોરાનો ભેદ એટલે કે રંગભેદ હતો ત્યારે નાવી મોટા પડકારોનો સામનો કરીને વકીલ બનેલાં અને લોકોને ન્યાય અપાવવા માટે ભારે સંઘર્ષ કરીને નામ કમાયેલાં. નાવી પિલ્લાઈએ યુએનમાં માનવાધિકાર પંચનાં અધ્યક્ષ તરીકે કામ કરેલું છે ને ઈન્ટરનેશનસ કોર્ટ ઓફ જસ્ટિસમાં પણ કામ કર્યું છે. નાવી પિલ્લાઈએ રવાન્ડા સહિતના દેશો અંગે આપેલા ચુકાદા આજેય લોકો યાદ કરે છે પણ ટ્રમ્પને લાગે છે કે, નાવી પિલ્લાઈ વિશે કોઈ જાણતું નથી. તેનું કારણ એ કે, ટ્રમ્મ કૂવામાંના દેડકા જેવા છે. આખી જીંદગી ઐયાશી કરી હોય ને પોતાની ક્લબમાં પડ્યો રહ્યો હોય એ માણસને બીજાંના અધિકારો માટે લડનારી વ્યક્તિ વિશે ખબર જ ના હોય.ટ્રમ્પને ખબર હોય તો પણ એ સ્વીકારવા તૈયાર નહીં થાય કેમ કે શાંતિ માટેનું પીસ પ્રાઈઝ મેળવવાની ખંજવાળ છેક તેમના મગજ લગી પહોંચી ગઈ છે તેમાં મગજ બહેર મારી ગયું છે, કામ કરતું નથી ને પોતે શું બકે છે તેનું પણ ટ્રમ્પને ભાન નથી રહ્યું. પોતાના વર્તનના કારણે આખી દુનિયામાં પોતે હાસ્યાસ્પદ બની ગયા છે ને લોકો મશ્કરી કરી રહ્યાં છે એ વાતનું પણ ટ્રમ્પને ભાન નથી. આશ્ચર્ય એ જોઈને થાય કે, ટ્રમ્પની આજુબાજુ પણ એવો કોઈ માણસ નથી કે જે ટ્રમ્પને વારે ને સમજાવે કે, બાપલા આ બધા લવારા કરીને તમે ભૂંડા લાગી રહ્યા છો. કોઈ સમજાવતું હોત પણ ટ્રમ્પ સાંભળતા હશે કે કેમ તેમાં પણ શંકા છે.ડોનલ્ડ ટ્રમ્પનો શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ મેળવવાનો રઘવાટ બહુ જૂનો છે અને આ રઘવાટ વધી રહ્યો છે કેમકે ટ્રમ્પ સામેથી નોબલ પ્રાઈઝ આપવાની માગણી કરી રહ્યા છે પણ નોર્વેની નોબલ કમિટી તેમને ગણકારતી જ નથી. ટ્રમ્પે પહેલી વાર પ્રમુખ બન્યા ત્યારથી જ પોતાને નોબલ પીસ પ્રાઈઝ મળવું જોઈએ એવું વાજું વગાડવાનું શરૂ કરી દીધેલુ.ટ્રમ્પને પહેલી ટર્મ વખતે ઉત્તર કોરીયા સાથે શાંતિની ખંજવાળ ઉપડેલી એટલે કોરીયન સરમુખત્યાર કીમ ઉન જોંગને મળેલા. ટ્રમ્પને મળ્યા પછી જોંગ તો બદલાયા નહીં પણ ટ્રમ્પને લાગવા માંડેલું કે, પોતે જોંગને મળીને દુનિયા પર બહુ મોટો ઉપકાર કરી દીધો છે તેથી પોતાને નોબલ પ્રાઈઝ મળવું જોઈએ. પ્રાઈઝ કમિટીએ તેમની વાત ના ગણકારી એટલે ઑક્ટોબર ૨૦૧૮માં એક કાર્યક્રમમાં ટ્રમ્પે બળાપો કાઢેલો કે, પોતે ઉત્તર કોરિયા અને સીરિયામાં શાંતિ સ્થાપવા માટેના ગમે તેટલા પ્રયાસ ભલે કરે, નોબેલ શાંતિ પુરસ્કાર પોતાને કદી નહીં મળે.૨૦૧૯ના ફેબ્રુઆરીમાં તો ટ્રમ્પે જાપાનના વડા પ્રધાન શિન્ઝો આબે પર દબાણ કરાવીને પોતાનું નોમિનેશન કરાવેલું પણ ફાવ્યા નહીં. ૨૦૧૯માં એક પત્રકારના સવાલના જવાબમાં ટ્રમ્પે કહેલું કે, નોબલ પીસ પ્રાઈઝ આપવાનો નિર્ણય પૂર્વગ્રહ વિના નિષ્પક્ષ રીતે લેવાય તો પોતાને અનેક બાબતો માટે નોબેલ પુરસ્કાર મળી શકે એવું તેમને લાગે છે. ૨૦૨૦ની પ્રમુખપદની ચૂંટણી વખતે તો ટ્રમ્પે બધી હદ વટાવીને કહી દીધેલું કે, બરાક ઓબામાને નોબલ પ્રાઈઝ અપાતો હોય તો પોતાને પણ મળવો જોઈએ કેમ કે પોતે વધારે લાયક છે. ટ્રમ્પે દાવો કરેલો કે, પ્રમુખ બન્યાના ફક્ત ૮ મહિનામાં જ ઓબામાને નોબલ પ્રાઈઝ મળી ગયું હતું પણ વાસ્તવમાં ઓબામાએ તો કશું કર્યું જ નહોતું. ઓબામાને પણ આજ સુધી ખબર નથી કે, નોબલ પ્રાઈઝ શા માટે મળ્યું હતું.ટ્રમ્પ ૨૦૨૦ની પ્રમુખની ચૂંટણીમં હારી ગયા પછી ટાઢા પડી ગયેલા એટલે ૪ વર્ષ શાંતિ રહી પણ ૨૦૨૫માં બીજી વાર પ્રમુખ બનતાં જ તેમણે ફરી ઉપાડો લીધો. છેલ્લાં બે વર્ષથી ટ્રમ્પ કહ્યા કરે છે કે, મેં ઈતિહાસમાં બીજા કોઈપણ કરતાં વધારે લોકોના જીવ બચાવ્યા છે. ટ્રમ્પે તો પોતે ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ અટકાવીને ૫ કરોડ લોકોના જીવ બચાવ્યા હોવાનો દાવો પણ કરી રહ્યા છે. ટ્રમ્પે તો પોતે રશિયા-યુક્રેન યુદ્ધ સમાપ્ત કરાવવા માટે કરેલા કામ બદલ પણ નોબલ પ્રાઈઝની માગણી કરી છે. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો છે કે, પોતે ઈરાનને પરમાણુ સત્તા નહીં બનવા દઈને સમગ્ર મધ્ય-પૂર્વની સાથે યુરોપ અને અમેરિકાને પણ બચાવી લીધાં છે.ટ્રમ્પની વાતો મોં-માથા વિનાની છે તેમાં કોઈ શંકા નથી. લોકો ટ્રમ્પની વાતો સાંભળીને મજાક ઉડાવે છે પણ નોબલ પ્રાઈઝની લાલસામાં ટ્રમ્પની બુદ્ધિ એ હદે બહેર મારી ગઈ છે કે, આ બધું તેમને દેખાતું જ નથી. દુનિયામાં બીજા ઘણા નેતાઓને આવી લાલસા હશે તેથી ટ્રમ્પની લાલસામાં કશું વાંધાજનક નથી પણ આ લાલસા ના સંતોષાતાં ટ્રમ્પ જે રીતે રઘવાયા બનીને વર્તી રહ્યા છે એ આઘાતજનક છે. એ રીતે રઘવાયું બનીને કોઈ વર્તતું નથી.



# ‘ક્યુંકિ સાસ ભી કભી બહુ થી ર’ની હવે વિદાય, ‘અપ્સરા’ લેશે સ્થાન

## સ્મૃતિ ઈરાનીની વાપસી સાથે શરૂ થયેલી સીરિયલનું એક વર્ષ બાદ સમાપન

સ્મૃતિ ઈરાનીની ટેલિવિઝન પર વાપસી સાથે શરૂ થયેલી ‘ક્યૂંકિ સાસ ભી કભી બહુ થી ર’ હવે દર્શકોને અલવિદા કહેવાની તૈયારીમાં છે. ૨૦૨૫માં શરૂ થયેલી આ સીરિયલે એક વર્ષની સફળ સફર પૂર્ણ કર્યા બાદ હવે તેની જગ્યાએ સુપરનેચરલ ડ્રામા ‘અપ્સરા’ શરૂ થશે.

અહેવાલો અનુસાર, નવી સીરિયલ ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬થી રાત્રે ૧૦.૩૦ વાગ્યે પ્રસારિત થશે.

‘ક્યૂંકિ સાસ ભી કભી બહુ થી ર’માં સ્મૃતિ ઈરાની ઉપરાંત અમર ઉપાધ્યાય, હિતેન તેજવાની, ગૌરી પ્રધાન, શક્તિ આનંદ, ઋતુ શેઠ ચૌધરી, કમાલિકા ગુહા ઠાકુરતા અને રવી ગુપ્તા સહિતના કલાકારો જોવા મળ્યાં હતાં. સીરિયલ સ્મૃતિ ઈરાનીના લાંબા સમય બાદ અભિનયમાં પુનરાગમનને કારણે પણ ચર્ચામાં રહી હતી.

હવે તેની જગ્યાએ આવનારી ‘અપ્સરા’માં સમીક્ષા જયસવાલ અને પારસ કલનાવત મુખ્ય ભૂમિકામાં છે. વાર્તા એક અપ્સરા અને પ્રાચીન શક્તિ ‘અમૃત’ની આસપાસ ફરે છે. સમીક્ષા સુનેહરીનું પાત્ર ભજવી રહી છે, જે દુષ્ટ શક્તિઓથી અમૃતનું રક્ષણ કરવાની જવાબદારી ધરાવે છે. અનૂષ્કા મર્ચંડે, અદા ખાન, અવિકા ગોર, મોના વસુ અને પૂર્વા ગોખલે પણ મહત્વની ભૂમિકામાં છે.

# ‘મારી ચોલી પ્રાઇમ ટાઇમની છ સભ્યોની પેનલની ચર્ચા બની ગઈ હતી’ ક્રિતિ સેનન



નેશનલ એવોર્ડ વિજેતા અભિનેત્રી ક્રિતિ સેનને પોતાની જ્વેલરીની જાહેરાતને લઈને થયેલા વિવાદને ફરી યાદ કર્યો છે. કરીના કપૂર ખાનના શો ‘વોટ વુમન વોન્ટ’ની સીઝન ૬માં હાજરી દરમિયાન ક્રિતિએ મહિલાઓના કપડાંને લઈને થતી જાહેર ચર્ચા અને મોરલ પોલીસિંગ અંગે વાત કરી હતી.

એક જ્વેલરી બ્રાન્ડની રક્ષાબંધન કેમ્પેઈનમાં ક્રિતિ વ્હાઈટ બ્રાલેટ-સ્ટાઈલ ચોલી, શિયર કેપ અને એમ્બ્રોઈડરીવાળા સ્કર્ટમાં જોવા મળી હતી. જાહેરાતમાં તે પોતાનાં પાલતુ શ્વાનને રાખડી બાંધતી પણ જોવા મળી હતી. જોકે, જાહેરાતમાં ક્રિતિનાં કપડાંને લઈને સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ હતી. ત્યાર બાદ આ મુદ્દો ટેલિવિઝન ડિબેટ સુધી પહોંચ્યો હતો.

આ ઘટનાને યાદ કરતાં ક્રિતિએ કરીના સાથેની વાતચીતમાં કહ્યું, ‘‘મને વિશ્વાસ જ નહોતો આવતો કે મારી ચોલી પ્રાઈમ ટાઈમ ન્યૂઝની છ સભ્યોની પેનલ ચર્ચા બની ગઈ હતી.’’ કરીનાએ પણ તેની વાત સાથે સહમતિ દર્શાવી હતી. આ વિવાદ દરમિયાન અભિનેત્રી અને રાજકારણી કંગના રણૌતે પણ ક્રિતિના આઉટફિટ પર પ્રતિક્રિયા આપી હતી અને તેના ટોપની સરખામણી ‘બિકિની’ સાથે કરી હતી. વિવાદ વધ્યા બાદ બ્રાન્ડે જાહેરમાં માફી માગી હતી અને ટીવી તથા ડિજિટલ પ્લેટફોર્મ પરથી જાહેરાત પાછી ખેંચી હતી.તે સમયે ક્રિતિએ પણ મહિલાઓના કપડાં પર થતી ચર્ચા અંગે સવાલ ઉઠાવ્યો હતો. તેણે કહ્યું હતું કે મહિલાની સંસ્કૃતિ અને પરંપરા માત્ર તેના કપડાંથી નક્કી ન થવી જોઈએ. તેનાં મતે સંસ્કૃતિ અને પરંપરા વ્યક્તિના મનમાં હોય છે, તેનાં ગળાની નેકલાઈનમાં નહી.

# ગુજરાતી એક્ટર સંવેદના સુવાલકાનાં અજયે વખાણ કર્યાં

‘દશ્યમ ધ કન્ક્લૂઝન’માં વકીલ ગાયત્રી મોહનની ભૂમિકાથી અભિનેત્રી સંવેદના સુવાલકાને દર્શકો વખાણી રહ્યા છે. ફિલ્મની ત્રીજી કડીમાં તેની ભૂમિકા અગાઉ કરતાં વધુ વિસ્તૃત છે અને પ્રકાશ રાજ જેવા અનુભવી અભિનેતા સામેના કોર્ટરૂમ દશ્યોમાં પણ તેની હાજરીની નોંધ લેવાઈ છે. સંવેદનાના મતે આ સફળતા એકાએક મળેલી નથી, પરંતુ છેલ્લા ૧૦-૧૨ વર્ષના સતત સંઘર્ષનું પરિણામ છે.સંવેદનાએ ૨૦૧૩માં કારકિર્દીની શરૂઆત કરી હતી. ૨૦૧૪ની ગુજરાતી ફિલ્મ ‘બે યાર’થી તેને ઓળખ મળી, પરંતુ મુંબઈમાં આવીને લાંબા સમય સુધી ઓડિશન આપતા સંઘર્ષ કરવો પડ્યો. થિયેટર અને સ્વતંત્ર ફિલ્મો બાદ ‘જી કરદા’, ‘ગ્યારહ ગ્યારહ’, ‘ફાઈટર’ અને ‘દશ્યમ ર’ જેવી ફિલ્મો-શોમાં કામ મળ્યું. ‘દશ્યમ ર’માં નાની ભૂમિકા હોવા છતાં મળેલાં પ્રતિસાદે તેને આશ્ચર્યચકિત કરી હતી.ત્રીજી કડીમાં પોતાની ભૂમિકા મોટી હોવાની જાણ થતાં તેની ખુશીનો પાર રહ્યો નહોતો. લેખક આમિલ કીયાન ખાન સાથેની રીડિંગ દરમિયાન જ્યારે તેણે સ્ક્રિપ્ટ વાંચી ત્યારે તેને સમજાયું કે ગાયત્રી મોહનનું પાત્ર આ વખતે કોર્ટની બહાર પણ મહત્વનું છે. આમિલે તેને કહ્યું હતું કે, ‘‘તમારું જીવન બદલાવાનું છે.’’ ‘દશ્યમ ર’ના ક્લાઈમેક્સમાં અજય દેવગન સાથેના મોનોલોગનો અનુભવ પણ સંવેદના માટે યાદગાર રહ્યો. એક જ ટેકમાં સીન ઓકે થયા બાદ અજય દેવગને તેની પીઠ થાબડીને કહ્યું હતું, ‘‘વેલ ડન.’’ સંવેદના કહે છે કે આ નાનકડી પ્રશંસા તેનાં માટે ખૂબ ખાસ બની ગઈ હતી.





# દીપિકા પાદુકોણની નવી પહેલ, સેલેબ્રિટીનાં વોર્ડરોબના વેચાણથી દાન અપાશે

## વેચાણમાંથી મળતી સમગ્ર રકમ માનસિક સ્વાસ્થ્ય માટે કામ કરતી ‘લિવ લવ લાફ ફાઉન્ડેશન’ને અપાશે

બોલિવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણે વર્લ્ડ મેન્ટલ હેલ્થ ડે નિમિત્તે એક નવી પહેલની શરૂઆત કરી છે. દીપિકાના ‘દીપિકા પાદુકોણ ક્લોઝેટ’ હેઠળ શરૂ થયેલા ‘ફીચર્ડ ક્લોઝેટ’માં પ્રથમ સહભાગી તરીકે ઓલિમ્પિક મેડલ વિજેતા બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુ જોડાઈ છે. આ પહેલનો હેતુ માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ ફેલાવવાની સાથે તેના માટે ભંડોળ એકત્ર કરવાનો છે.

આ પહેલ હેઠળ વિવિધ ક્ષેત્રની જાણીતી હસ્તીઓ પોતાના વોર્ડરોબમાંથી પસંદ કરેલી વસ્તુઓ ચેરિટી સેલ માટે આપશે. આ વસ્તુઓના વેચાણમાંથી મળતી સમગ્ર રકમ દીપિકાની ‘લિવ લવ લાફ ફાઉન્ડેશન’ દ્વારા માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અને સહાય સંબંધિત કાર્યક્રમો માટે વાપરવામાં આવશે.

દીપિકાએ આ સહયોગ અંગે જણાવ્યું કે પીવી સિંધુ સાથે પ્રથમ ‘ફીચર્ડ ક્લોઝેટ’ શરૂ કરવું તેના માટે ખાસ છે. તેણે સિંધુની પ્રતિભા, સંઘર્ષ કરવાની ક્ષમતા અને પ્રામાણિકતાની પ્રશંસા કરી હતી.

બીજી તરફ, સિંધુએ કહ્યું કે ખેલાડીઓને ઘણીવાર માનસિક રીતે મજબૂત માનવામાં આવે છે, પરંતુ તેઓ પણ મુશ્કેલ સમયમાંથી પસાર થતા હોય છે. આવા અનુભવો વિશે ખુલીને વાત કરવી જરૂરી છે. આ પહેલ માનસિક સ્વાસ્થ્યના પડકારોનો સામનો કરતા લોકો પ્રત્યે સહાનુભૂતિ અને સહકાર વધારવામાં મદદરૂપ થશે તેવી આશા તેણે વ્યક્ત કરી હતી.

દીપિકાએ માનસિક સ્વાસ્થ્ય સાથે જોડાયેલા ભ્રમ અને ગેરમાન્યતાઓને દૂર કરવા માટે ‘લિવ લવ લાફ ફાઉન્ડેશન’ની સ્થાપના કરી હતી. ‘ફીચર્ડ ક્લોઝેટ’ દ્વારા હવે વધુ જાણીતી હસ્તીઓને આ સામાજિક કાર્ય સાથે જોડીને જાગૃતિ અને ભંડોળ એકત્ર કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

# કરીનાના શો ‘વોટ વુમન વોન્ટ’માં મીરા રાજપૂતનું ડેબ્યુ

કરીના કપૂર ખાન પોતાના લોકપ્રિય શો ‘વોટ વુમન વોન્ટ’ની નવી સીઝન સાથે પરત ફરી રહી છે. શોના નવા ટ્રેલરમાં મનોરંજન જગતના અનેક જાણીતા ચહેરાઓ સાથેની વાતચીતની ઝલક જોવા મળી છે. આ સીઝનમાં મીરા રાજપૂતની હાજરી ખાસ ચર્ચામાં છે. શાહિદ કપૂરની પત્ની મીરા પહેલી વખત કરીના સાથે આ શોમાં ઔપચારિક રીતે કેમેરા સામે વાતચીત કરતી જોવા મળશે.ટ્રેલરમાં કરીના મીરાને કહેતી જોવા મળે છે, ‘‘મને લાગે છે કે બધા આના માટે ઉત્સાહિત છે.’’ શૂટિંગ દરમિયાન કરીનાએ મીરા સાથેની એક તસવીર સોશિયલ મીડિયા પર શેર કરીને તેને ‘‘ખૂબ જ હૂંફાળી અને પ્રેમાળ’’ ગણાવી હતી. મીરાએ પણ આ પોસ્ટ શેર કરીને શોમાં આમંત્રણ આપવા બદલ કરીનાનો આભાર માન્યો હતો. તેણે પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ પર શૂટિંગની કેટલીક તસવીરો પણ શેર કરી હતી. ‘વોટ વુમન વોન્ટ’ની નવી સીઝનમાં સેલિબ્રિટી લાઈફ, સંબંધો અને અંગત અનુભવો સહિત મહિલાઓ સાથે જોડાયેલા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થવાની છે. મિકી કોન્ટ્રાક્ટર, પંકજ ત્રિપાઠી, અલી ફઝલ, નીતુ કપૂર, ભાવના પાંડે અને મહીપ કપૂર સહિતના મહેમાનો પણ શોમાં જોવા મળશે.આ દરમિયાન, કરીના તાજેતરમાં તપાસ આધારિત ડ્રામા ફિલ્મ ‘દાયરા’માં જોવા મળી હતી. ફિલ્મમાં તે પૃથ્વીરાજ સુકુમારન સાથે પોલીસ અધિકારીની ભૂમિકામાં છે.



# બહેન વિદ્યા સાથે ક્યારેય બોલવાનો સંબંધ રહ્યો નથી : પ્રિયામણી



## પ્રિયામણીએ કહ્યું કે, તે કઝીન વિદ્યા કરતાં વધુ વાત વિદ્યાના પિતા સાથે કરે છે

ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કેટલાંક લોકોના પારિવારીક સંબંધો એવા છે, કે સામાન્ય લોકોને તેની માહિતી મળે તો આશ્ચર્ય થાય છે, આવો જ કોઈ સંબંધ એક્ટ્રેસ વિદ્યા બાલન અને સાઉથ ઈન્ડિયન એક્ટ્રેસ પ્રિયામણી વચ્ચે છે. તેઓ બંને એકબીજાની પિતરાઈ બહેનો થાય છે. તેમના બંનેના દાદા સગા ભાઈઓ હતા. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં પ્રિયામણીએ તેના વિદ્યા બાલન સાથેના સંબંધો વિશે વાત કરી હતી. તેણે કહ્યું હતું કે તેણે વિદ્યા સાથે ક્યારેય વાત થતી નથી.

દ્યા અને તેના સંબોધો વિશે વાત કરતા પ્રિયામણીએ કહ્યું, ‘‘અમે બંને એકબીજાના સગા થઈએ છીએ પરંતુ અમારે એ રીતે ક્યારેય એકબીજા સાથે વાતો થતી નથી. જોકે, મારે તેના પિતા સાથે વધુ વાત થાય છે. બાલન અંકલ મારી સાથે નિયમિત સંપર્કમાં છે અને જ્યારે એ મને સંપર્ક ન કરી શકે તો એ મારા પિતાને કોલ કરે છે અને એ બંને વાતો કરે છે. વિદ્યા બાલન એક બહુ સારી અભિનેત્રી છે. તો પરસ્પર સરાહનીય ભાવ ચોક્કસ છે. હું તેને ફરી મોટા પડદે જોવા આતુર છું. એક દર્શક સભ્ય તરીકે હું એક મજબુત કલાકારને મોટા પડદે જોવાનું મિસ કરું છું.’’વિદ્યા બાલને છેલ્લે ૨૦૨૪માં હોરર કોમેડી ફિલ્મ ‘ભૂલભુલૈયા ૩’માં જોવા મળી હતી. આ ફિલ્મ અનીસ બાઝમીએ ડિરેક્ટ કરી હતી, જેમાં તેની સાથે કાર્તિક આર્યન, માધુરી અને તૃપ્તિ ડિમરી પણ હતાં. અજય દેવગન અને રોહિત શેટ્ટીની ‘સિંઘમ અગેઈન’ સાથે ટક્કર છતાં આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી, તેણે વર્લ્ડ વાઈડ ૩૮૯.૨૮ કરોડની કમાણી કરી હતી.

જો પ્રિયમણીના કામની વાત કરવામાં આવે તો તાજેતરમાં તેની મલયાલમ એક્શન થ્રિલર ઓફિસર ઓન ડ્યુટી આવી હતી. હવે તે એચ.વિનોદની ‘જન નાયગન’માં જોવા મળશે. આ સિવાય તે ‘ધ ફેમિલી મેન’ની સીઝન ૩માં પણ જોવા મળશે. તે આ નવેમ્બરમાં આવશે એવી ચર્ચા છે.

# ફિન, લોકી અને સીફર્ટની ન્યૂઝીલેન્ડની વનડે ટીમમાં વાપસી




ફિન એલન, લૉકી ફર્ગ્યુસન અને ટીમ સીફર્ટની ન્યૂઝીલેન્ડની વનડે ટીમમાં વાપસી થઈ છે. ખભાની ઈજામાંથી સાજા થયેલાં રચિન રવીન્દ્રને પણ ચાર નવેમ્બરથી ભારત સામે રમાનારી પાંચ મેચોની વનડે સિરીઝ માટે ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે.

વનડે પછી રમાનારી ટેસ્ટ સિરીઝને કારણે પસંદગીકારોએ ૫૦ ઓવરના ફોર્મેટ માટે બે ટીમની પસંદગી કરી છે. ટેસ્ટમાં રમનારા નિષ્ણાત ખેલાડીઓ છેલ્લી બે વનડેમાં નહીં રમે. માત્ર છ ખેલાડીઓ સેંટનર, બ્રેસવેલ, ચૅપમૅન, ડફી, યંગ અને બ્લેયરને જ તમામ પાંચેય વનડે મેચો માટે પસંદ કરવામાં આવ્યાં છે. બાકીના તમામ ખેલાડીઓ ત્રીજી વનડે પછી ટેસ્ટની તૈયારી કરશે.

એલન અને ફર્ગ્યુસન છેલ્લી વાર ૨૦૨૩માં વનડે રમ્યા હતા. ફર્ગ્યુસને પોતાની છેલ્લી વનડે ભારત સામે જ મુંબઈમાં વર્લ્ડ કપ સેમિફાઇનલ તરીકે રમી હતી. સીફર્ટે છેલ્લી વાર લગભગ ૧૮ મહિના પહેલાં પાકિસ્તાન સામે ઘરઆંગણે રમાયેલી સિરીઝ દરમિયાન વનડે રમી હતી. મુખ્ય કોચ રોબ વોલ્ટરે કહ્યું કે, ૨૦૨૭માં યોજાનારા આઈસીસી પુરુષ વર્લ્ડ કપને જોતાં આ વનડે સિરીઝ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

મિચેલ સેંટનર (કેપ્ટન), માઈકલ બ્રેસવેલ, માર્ક ચૅપમૅન, ડેવોન કૉનવે, જેકબ ડફી, મેટ હેનરી, કાઈલ જેમીસન, ટોમ લેથમ, ડેરિલ મિચેલ, ગ્લેન ફિલિપ્સ, રચિન રવીન્દ્ર, નાથન સ્મિથ, બ્લેયર ટિકનર, વિલ યંગ.

સેંટનર (કેપ્ટન), ફિન એલન, બ્રેસવેલ, ચૅપમૅન, ક્રિસ્ટિયન ક્લાર્ક, ડફી, મેટ ફિશર, લૉકી ફર્ગ્યુસન, મિચ હે, નિક કેલી, ટીમ સીફર્ટ, બ્લેયર, યંગ.

# અભિષેક શર્માએ ૧૮ બોલમાં ફિફ્ટી ફટકારીને કોહલીનો રેકોર્ડ તોડ્યો

## અભિષેક શર્માએ વેસ્ટ ઈન્ડિઝ સામે બનાવી સૌથી ઝડપી અર્ધી સદી

અભિષેક શર્માએ વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રીજી ટી-૨૦ મેચમાં વિસ્ફોટક બેટિંગ કરતાં વિરાટ કોહલીનો રેકોર્ડ તોડી નાખ્યો છે અને ટી-૨૦ ઈન્ટરનેશનલમાં ભારત તરફથી રમતી વખતે કેરેબિયન ટીમ સામે સૌથી ઝડપી અર્ધશતક લગાવનાર બેટ્સમેન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે.




ડાબોડી બેટ્સમેન અભિષેકે માત્ર ૧૮ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી, જેમાં તેમણે વિરાટ કોહલી અને સંજુ સેમસનને પાછળ છોડી દીધાં છે કારણ કે કોહલીએ ૨૦૧૯માં અને સેમસને ૨૦૨૬માં વેસ્ટ ઈન્ડિઝ સામે ૨૧-૨૧ બોલમાં ફિફ્ટી ફટકારી હતી.

આ શાનદાર ઈનિંગ દરમિયાન અભિષેકે ૩૦ બોલ પર ૬ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી ૬૯ રન બનાવ્યા હતા અને આ ફોર્મેટમાં સૌથી ઓછા બોલ રમીને ૨ હજાર રન પૂરા કરવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે.

તેમણે માત્ર ૧૦૨૪ બોલ રમીને આ સિદ્ધિ હાંસિલ કરી છે, જેના દમ પર ભારતીય ટીમે ૨૦ ઓવરમાં ૨૨૩ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો અને અંતે મેચ ૧૪ રનથી જીતી લીધી હતી.

# મંધાના યુનિસેફની એડવોકેટ તરીકે નિયુક્ત

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની નવનિયુક્ત કેપ્ટન સ્મૃતિ મંધાનાને યુનિસેફ ઈન્ડિયાએ પોતાનાં 'સેલિબ્રિટી એડવોકેટ' તરીકે પણ નિયુક્ત કર્યા છે. આ ઘોષણા રવિવારે આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસના અવસર પર કરવામાં આવી, જે છોકરીઓના અધિકારો, સુરક્ષા, નેતૃત્વ અને ક્ષમતા




પર ધ્યાન આકર્ષિત કરે છે.

આની સાથે જ એ બાધાઓની પણ ઓળખ કરે છે જે તેમનાં વિકલ્પોને મર્યાદિત કરે છે. મંધાનાએ કહ્યું, "યુનિસેફ ઈન્ડિયામાં સેલિબ્રિટી એડવોકેટ તરીકે સામેલ થઈને હું ખૂબ જ સન્માનિત અનુભવી રહી છું. હું ક્રિકેટ રમતા મોટી થઈ છું અને મને સારી રીતે ખબર છે કે દરેક સ્વપ્ન એક અવસરથી શરૂ થાય છે."

# ભારત - ન્યુઝીલેન્ડ ક્રિકેટ સંબંધોનાં ૧૦૦ વર્ષ : કીવી ટીમ મેદાનમાં ખાસ જર્સી પહેરીને ઉતરશે

## 'કોટાહિતાંગા' નામની આ સ્પેશિયલ વન-ડે જર્સીમાં ભારતીય અને માઓરી કળાનો અદ્ભુત સમન્વય જોવા મળશે

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમતગમતનાં ક્ષેત્રે સ્થપાયેલા ૧૦૦ વર્ષ જૂના ઐતિહાસિક સંબંધોની સુવર્ણ ઉજવણી કરવા માટે ન્યુઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે એક અત્યંત અનોખી અને સરાહનીય પહેલ કરી છે, જેના ભાગરૂપે કીવી ટીમ ભારત સામેની આગામી પાંચ મેચની વન-ડે સિરીઝ દરમિયાન એક ખાસ ડિઝાઇનની લીમીટેડ એડિશન જર્સી પહેરીને મેદાનમાં ઉતરતી જોવા મળશે.




'કોટાહિતાંગા' નામ આપવામાં આવેલી આ ખાસ જર્સીનો માઓરી ભાષામાં મુખ્ય અર્થ 'એકતા' થાય છે, જે બંને દેશો વચ્ચે દાયકાઓથી જળવાઈ રહેલાં ગાઢ સંબંધો, પરસ્પર માન-સન્માન અને રમતગમતની ભાવના સાથે રમાતી મજબૂત મિત્રતાનું એક સુંદર અને જીવંત પ્રતીક બની રહેશે.

આ અનોખી જર્સીની ડિઝાઇનમાં ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતા ભારત દેશનાં રાષ્ટ્રીય ફૂલ કમળ, મંડલા આર્ટ અને ભારતીય વાસ્તુશૈલીના પ્રતીકો સાથે ન્યુઝીલેન્ડની સ્થાનિક માઓરી સંસ્કૃતિની પરંપરાગત સ્ક્રોલવર્ક પેટર્નને ખૂબ જ આકર્ષક અને સુમેળભરી રીતે વણી લેવામાં આવી છે, જેથી આ જર્સી બંને રાષ્ટ્રોની સાંસ્કૃતિક વિરાસતને એકસાથે રજૂ કરે છે. આ આકર્ષક ડિઝાઇન તૈયાર કરવા પાછળ બેન થોમાસન, શિવ નારંદાસ અને જય પંચા નામના ત્રણ અત્યંત કુશળ કલાકારોની અથાક મહેનત અને કલાત્મક યોગદાન રહેલું છે, જેમણે ભારતીય અને માઓરી કળાના ઉત્કૃષ્ટ તત્વોને ભેગા કરીને ન્યુઝીલેન્ડ ક્રિકેટનાં અધિકારીઓ અને વિશ્વભરનાં ચાહકો માટે આ જર્સીને એક યાદગાર માસ્ટરપીસ બનાવી દીધી છે.

બંને દેશો વચ્ચેનાં પ્રવાસની વાત કરીએ તો સૌપ્રથમ ૨૨ ઓક્ટોબરથી પાંચ મેચની્ ૨ઠૈં સિરીઝનો ધમાકેદાર પ્રારંભ થશે અને ત્યારબાદ ૪ નવેમ્બરથી વન-ડે સિરીઝની શરૂઆત થશે, જેમાં કીવી ખેલાડીઓ આ ખાસ પકોટાહિતાંગાથ જર્સી પહેરીને મેદાનમાં ઉતરશે જે ક્રિકેટ પ્રેમીઓ માટે વર્ષો સુધી સંગ્રહ કરવા જેવી ખાસ કલેક્ટર આઈટમ બની રહેશે.

# શ્રેયસ અય્યરના આઉટ થતાં જ સ્ટેડિયમમાં રડી પડી યુવતિ : તસવીરો વાયરલ

## ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની મેચમાં જોવા મળી ભાવનાત્મક ક્ષણ

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાયેલી રોમાંચક ત્રીજી ટી-૨૦ મેચ દરમિયાન ક્રિકેટ પ્રત્યેનાં અઢળક પ્રેમ અને લાગણીનો એક અદ્ભુત નજારો જોવા મળ્યો હતો. ભારતીય ટીમની બેટિંગ લાઈન-અપ દરમિયાન જ્યારે સ્ટાર બેટ્સમેન શ્રેયસ અય્યર મેચમાં માત્ર ૧ રન બનાવીને પેવેલિયન પરત ફર્યા.




ત્યારે સ્ટેડિયમમાં હાજર હજારો દર્શકોની સાથે-સાથે એક મહિલા ફેનનું દિલ પણ તૂટી ગયું હતું. અય્યરના આ રીતે અચાનક આઉટ થઈ જવાથી આ મહિલા પ્રશંસક પોતાની લાગણીઓ પર કાબૂ ન રાખી શકી અને મેદાન પર જ ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગી હતી. તેની આ હૃદયસ્પર્શી ક્ષણોની તસવીરો સોશિયલ મીડિયા પર આગની જેમ ફેલાઈ ગઈ છે અને અત્યારે ખૂબ જ વાયરલ થઈ રહી છે.

ઘટનાની વિગતો મુજબ, વેસ્ટ ઈન્ડિઝના અનુભવી ઓલરાઉન્ડર રોસ્ટન ચેઝની ઘાતક ઓવરમાં શ્રેયસ અય્યર એલબીડબલ્યુ આઉટ થઈ ગયા હતા. અય્યર પાસેથી ભારતીય ટીમને અને સ્ટેડિયમમાં બેઠેલાં પ્રશંસકોને મોટી ઈનિંગ્સની આશા હતી, પરંતુ તેઓ સસ્તામાં આઉટ થઈ જતાં દર્શકો નિરાશ થઈ ગયા હતા.

ખાસ કરીને, આ મહિલા ફેન અય્યરની પ્રશંસક હોવાથી પોતાનાં ફેવરીટ ખેલાડીને આ રીતે સસ્તામાં આઉટ થતા જોઈ સહન ન કરી શકી. વાયરલ તસવીરોમાં સાફ જોઈ શકાય છે કે તે પોતાના હાથથી આંસુ લૂછી રહી છે અને તેના ચહેરા પર ભારે દુઃખ સ્પષ્ટ નજરે પડી રહ્યું છે. આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે ભારતમાં ક્રિકેટ માત્ર એક રમત કે મનોરંજનનું સાધન નથી, પરંતુ લોકોની નસોમાં વહેતી એક મોટી લાગણી છે. ખેલાડીઓ પ્રત્યે પ્રશંસકોનો આ પ્રેમ અને સમર્પણ જ ક્રિકેટને દુનિયાની સૌથી લોકપ્રિય રમત બનાવે છે. ઈન્દોરના આ મેદાન પર બનેલી આ ઘટના સોશિયલ મીડિયા પર ચર્ચાનો મુખ્ય વિષય બની ગઈ છે અને દરેક જગ્યાએ આ ભાવનાત્મક ક્ષણની જ ચર્ચાઓ થઈ રહી છે.

# ઓસ્ટ્રેલિયાએ મેદાનમાં ઉતારી સદીની પોતાની સૌથી મોટી ઉંમરની ટીમ

## ૧૯૨૬માં લોડ્ર્સમાં ઇંગ્લેન્ડ સામે ઊતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમની સૌથી મોટી ઉંમરની ટીમ હતી

ઓસ્ટ્રેલિયાઈ ટીમ દક્ષિણ આફ્રિકા સામે ડરબનમાં ટેસ્ટ મેચ રમી રહી છે. તેની અંતિમ એકાદશ (પ્લેઈંગ ૧૧)માં કોઈ પણ ખેલાડી ૩૦ વર્ષથી ઓછી ઉંમરનો નથી. ટીમની કુલ સરેરાશ ઉંમર ૩૪.૫૯ વર્ષ છે.

આ છેલ્લા ૧૦૦ વર્ષમાં તેની સૌથી મોટી ઉંમરની ટીમ છે. આ પહેલાં ૧૯૨૬માં લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ સામે ઊતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમની સરેરાશ ઉંમર ૩૫ વર્ષ ૩૪૧ દિવસ હતી. એકંદરે આ સાતમી સૌથી મોટી ઉંમર ટીમ છે. આ પહેલાંની તમામ છ મોટી ઉંમરની ટીમો ૧૯૨૦ના દાયકાની હતી.

ટેસ્ટ ક્રિકેટનાં ૧૪૯ વર્ષનાં ઈતિહાસમાં આ પહેલો એવો મોકો છે જ્યારે કોઈ પણ ટીમની અંતિમ એકાદશમાં કોઈ પણ ખેલાડી ૨૦ થી ૨૯ વર્ષની વયનો નથી. સ્પિનર નાથન લિયોન (૩૮ વર્ષ) સૌથી મોટી ઉંમરનો અને સ્ટીવ સ્મિથ (૩૬ વર્ષ) બીજા સૌથી મોટી ઉંમરનો ખેલાડી છે. ટીમમાં પાંચ ખેલાડી ૩૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના છે. જેમાં નાથન અને સ્ટીવ ઉપરાંત મિચેલ સ્ટાર્ક (૩૬), એલેક્સ કેરી (૩૫) અને જોશ હેઝલવુડ (૩૫) સામેલ છે. ત્રણ ખેલાડી ૩૨-૩૨ વર્ષના છે જ્યારે એક ૩૪ અને એક ૩૩ વર્ષનો છે. ઓસ્ટ્રેલિયાની ૧૮ સદસ્યની ટીમમાં માત્ર ત્રણ ખેલાડી જ ૩૦ વર્ષથી ઓછી ઉંમરનાં છે. જેમાં ૨૩ વર્ષના કૂપર કોનોલી સૌથી યુવા છે. જ્યારે કેમરન ગ્રીન ૨૭ વર્ષ અને સેમ હાર્પર ૨૯ વર્ષનાં છે. ટીમની સરેરાશ ઉંમર આશરે ૩૨.૬ વર્ષ છે. કોનોલી અને નાથનની ઉંમર વચ્ચે ૧૫ વર્ષનો તફાવત છે. ૩૦ વર્ષીય ડાબોડી બેટ્સમેન મૅથ્યૂ રેનશૉએ એકલા




હાથે મોરચો સંભાળી ટીમને ૪૦૦ની નજીક પહોંચાડવામાં મદદ કરી. મૅથ્યૂએ કરિયરની સૌથી મોટી ઈનિંગ રમી. આનાથી ઓસ્ટ્રેલિયાએ શનિવારે બીજા દિવસે પહેલી ઈનિંગમાં ૩૯૦ રન બનાવ્યા. મૅથ્યૂ (૧૯૦) આઉટ થનારા છેલ્લા ખેલાડી રહ્યા.

કેપ્ટન પેટ કમિન્સે ૪૩, લિયોને ૨૭ રન બનાવ્યા. દક્ષિણ આફ્રિકાના વિયાન મુલ્ડરે ચાર વિકેટ લીધી. દિવસની રમત પૂરી થવા સુધી દક્ષિણ આફ્રિકાએ એક વિકેટ પર ૨૭ રન બનાવ્યા હતા. તે ઓસ્ટ્રેલિયાથી ૩૬૩ રન પાછળ છે.

# ત્રીજી T20માં ભારતે વેસ્ટ ઇન્ડીઝને ૧૪ રનથી હરાવ્યું

## અભિષેક શર્માએ ૩૦ બોલમાં ૬૯ રન ફટકાર્યા, અર્શદીપ સિંહે ૩ વિકેટ ઝડપી

ઈન્દોરના હોલ્કર સ્ટેડિયમમાં ટૉસ હારતા પહેલા બેટિંગ કરતા ભારતીય ટીમે ૨૦ ઓવરમાં ૨૨૩ રન બનાવ્યા. અભિષેક શર્માએ ૩૦ બોલમાં ૬૯ રનની ઈનિંગ રમી. ઈશાન કિશને ૩૭ રન બનાવ્યા.

૨૨૪ રનને ચેઝ કરી રહેલી વેસ્ટ ઈન્ડીઝની ટીમ ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૨૦૯ રન જ બનાવી શકી. શિમરોન હેટમાયરે ૪૩ રન બનાવ્યા. ભારત તરફથી અર્શદીપ સિંહે ૩ વિકેટ લીધી. નમન ધીરને ૨ વિકેટ મળી.

અર્શદીપ સિંહે ૧૮મી ઓવરમાં બે વિકેટ લીધી. તેણે બીજા બોલ પર કીમો પોલને તિલક વર્માના હાથે ડીપ કવર પર કેચ કરાવ્યો. પોલ ૬ બોલમાં ૧૦ રન બનાવીને આઉટ થયો.

આ પછી પાંચમા બોલ પર અર્શદીપે શેરફેન રધરફોર્ડને બોલ્ડ કરી દીધો. રધરફોર્ડ ૨૦ બોલમાં ૩૨ રન બનાવીને આઉટ થયો. તેની ઈનિંગમાં ૨ ચોગ્ગા અને ૨ સિક્સર સામેલ રહ્યા. શેરફેન રધરફોર્ડે પ્રિન્સ યાદવની ૧૭મી ઓવરમાં ચોગ્ગો ફટકારી દીધો. ઓવરના પાંચમા બોલ પર રધરફોર્ડે ધીમા બાઉન્સરને શોર્ટ ફાઇન લેગની ઉપરથી બાઉન્ડરીની પાર પહોંચાડ્યો. છેલ્લા બોલ પર તેનો કેચ લેવાની તક પણ બની, પરંતુ પ્રિન્સ યાદવ પાછળની તરફ દોડીને ડાઇવ લગાવવા છતાં બોલ પકડી શક્યો નહીં. નીતિશ કુમાર રેડ્ડીએ ૧૬મી ઓવરના ત્રીજા બોલ પર ક્વેન્ટિન સેમ્પસનને આઉટ કરી દીધો. સેમ્પસને બોલને લોંગ-ઓફની તરફ હવામાં રમી દીધો, જ્યાં તિલક




વર્માએ કેચ પકડી લીધો. સેમ્પસન ૧૫ બોલમાં ૨૧ રન બનાવીને આઉટ થયો. તેની ઈનિંગમાં એક ચોગ્ગો અને એક સિક્સર સામેલ રહ્યા. શેરફેન રધરફોર્ડ અને ક્વેન્ટિન સેમ્પસને મયંક યાદવની ૧૫મી ઓવરમાં ૧૫ રન વસૂલ્યા. રધરફોર્ડે ઓવરના બીજા બોલ પર લોંગ-ઓનની ઉપર સિક્સર ફટકારી. ચોથા બોલ પર સેમ્પસને શોર્ટ બોલને પુલ કરીને સિક્સર જડી. વેસ્ટ ઈન્ડીઝને જીત માટે ૩૦ બોલમાં ૭૫ રન જોઈએ છે. ક્વેન્ટિન સેમ્પસને અર્શદીપ સિંહની ૧૪મી ઓવરના પહેલા બોલ પર ચોગ્ગો ફટકાર્યો. તેણે બોલને સીધા બોલરની ઉપરથી બાઉન્ડરીની પાર પહોંચાડ્યો. ઓવરમાં અર્શદીપે ૨ વાઈડ પણ ફેંકી. શેરફેન રધરફોર્ડે નીતિશ કુમાર રેડ્ડીની ઓવરના છેલ્લા બોલ પર સિક્સર ફટકારી. સ્લોટમાં મળેલા બોલ પર રધરફોર્ડે મોટો શોટ રમીને બોલને બાઉન્ડરીની પાર પહોંચાડ્યો. ઓવરમાં વેસ્ટ ઈન્ડીઝે ૯ રન બનાવ્યા. નમન ધીરે ૧૧મી ઓવરના છેલ્લા બોલ પર કામિલ પૂરનને આઉટ કરી દીધો. પૂરને આ ઓવરમાં ધીરના બોલ પર ૩ સિક્સર લગાવી, પરંતુ છેલ્લા બોલ પર મોટો શૉટ રમવાના પ્રયાસમાં ડીપમાં અર્શદીપ સિંહને કેચ આપી બેઠો. તેણે ૨૭ બોલમાં ૪૨ રન બનાવ્યા, જેમાં ૩ ચોગ્ગા અને ૩ સિક્સર સામેલ રહ્યા.

# વૈભવ સૂર્યવંશીમાં મને મારી વિચારસરણી દેખાય છે:સેહવાગ

પૂર્વ ભારતીય ક્રિકેટર વીરેન્દ્ર સહેવાગે કહ્યું છે કે ૧૫ વર્ષના યુવા બેટર વૈભવ સૂર્યવંશીમાં તેમને પોતાની નિર્ભય બેટિંગની ઝલક જોવા મળે છે. સહેવાગે કહ્યું- 'સૂર્યવંશી પહેલી જ બોલથી શૉટ લગાવવા માગે છે.' શનિવારે દિલ્હીમાં PHD ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સત્રમાં સહેવાગે સૂર્યવંશીનું સમર્થન કર્યું. તેમણે કહ્યું કે ભારત માટે રમવાની તક મળવા પર સૂર્યવંશી તેનો સંપૂર્ણ લાભ ઉઠાવી શકે છે.



સહેવાગે એમ પણ કહ્યું કે ભારતીય ક્રિકેટમાં તેમનું સ્થાન ઉંમરથી નહીં, પરંતુ પ્રદર્શનથી નક્કી થવું જોઈએ. સેહવાગે વૈભવ સૂર્યવંશીની ઉંમરને લઈને ઊભી થઈ રહેલી ચિંતાઓને ફગાવી દીધી. તેમણે કહ્યું કે ઉંમરની મર્યાદા માત્ર ઉંમર આધારિત સ્પર્ધાઓમાં જ મહત્વ ધરાવે છે. સેહવાગે કહ્યું- 'જો તમે કોઈ ઉંમર આધારિત સ્પર્ધામાં રમી રહ્યા હો, તો આ વાત સાચી છે. જો અંડર-૧૯ હોય, તો તમારી ઉંમર ૧૯ વર્ષથી ઓછી હોવી જોઈએ.'

સૂર્યવંશીએ જુલાઈ ૨૦૨૬માં ઈંગ્લેન્ડ સામે સિનિયર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું. તે ૧૫ વર્ષ અને ૯૯ દિવસની ઉંમરે ભારતનો સૌથી નાની વયનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટર બન્યો. તેણે માન્ચેસ્ટરમાં રમાયેલી પોતાની પ્રથમ T20 મેચમાં ૧૦ બોલમાં ૧૪ રન બનાવ્યા. આ ઈનિંગ્સમાં તેની આક્રમક વિચારસરણી જોવા મળી, જોકે ભારત મેચ હારી ગયું.

આ પછી પણ સૂર્યવંશી ભારતની પ્લેઈંગ-૧૧માં નિયમિત સ્થાન બનાવી શક્યો નથી. તે ટીમનો ભાગ રહ્યો છે, પરંતુ ટીમ કોમ્બિનેશન અને ઓપનિંગ સ્થાન માટે સેમસન અને તેમની વચ્ચે સ્પર્ધા ચાલુ રહી છે. તે વેસ્ટ ઈન્ડિઝ સામેની શરૂઆતની બે T20 મેચમાં પણ રમ્યો નહોતો. સૂર્યવંશીએ એશિયન ગેમ્સની સેમિફાઈનલ અને ફાઈનલમાં ભાગ લીધો હતો. તેણે સેમિફાઈનલમાં શ્રીલંકા સામે ૩૮ રન બનાવ્યા હતા. જ્યારે ફાઈનલમાં પાકિસ્તાન સામે ૧૫ રનની ઈનિંગ્સ રમી હતી. સૂર્યવંશીએ અત્યાર સુધી T20 મેચ રમી છે. તેમાં તેણે ૩૦.૭૫ની સરેરાશ અને ૧૮૬.૩૬ના સ્ટ્રાઈક રેટથી ૨૪૬ રન બનાવ્યા છે. તેનો બેસ્ટ સ્કોર ૮૧ રન છે.

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૧૨ ઓક્ટોબર ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# સંગીતના તાલે લોકગીતોની લ્હાણી સાથે રાસ-ગરબાની રમઝટ






**નવરાત્રી મહોત્સવ દરમિયાન ગઈકાલે રવિવારે રાત્રે પ્રથમ નોરતાએ ઠેર ઠેર ગરબા મહોત્સવે ભારે ધૂમ મચાવી હતી. કાપોદ્રા ખાતે ધાકુવાળા કોલેજ ગ્રાઉન્ડ પર ખોડલધામ દ્વારા નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સંગીતના સથવારે રાસ-ગરબાની રમઝટ માણતા ખેલૈયાઓની આ તસ્વીરો છે. (તસવીર : પ્રદીપ ગોહિલ)**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

શહેરમાં ગઈકાલે રવિવારથી નવરાત્રિ મહોત્સવનો રંગેચંગે પ્રારંભ થયો હતો. પ્રથમ નોરતે વહેલી સવારથી જ માતાજીનાં મંદિરોમાં દર્શન માટે ભક્તોની ભીડ ઉમટી પડી હતી. બીજી તરફ, રાત પડતાં જ શહેરભરમાં શેરી ગરબા, મંદિર પરિસરો અને ખાનગી ગરબા મહોત્સવમાં ખેલૈયાઓ ગરબે ઘૂમવા ઉમટી પડ્યા હતા. લાંબા સમયથી નવરાત્રિની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા ખેલૈયાઓએ લોકગીતોની સુરાવલીઓ વચ્ચે મન મૂકીને રાસ-ગરબાની રમઝટ માણી હતી. પ્રથમ નોરતે જ ગરબામેદાનોમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો.

નવરાત્રિના પ્રથમ દિવસે વહેલી સવારથી જ માતાજીનાં મંદિરોમાં ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. દિવસ દરમિયાન ધાર્મિક માહોલ વચ્ચે રાત્રિ પડતાં જ શહેરના વિવિધ વિસ્તારોમાં ગરબાની ધૂમ શરૂ થઈ હતી. શેરી ગરબાથી લઈને મોટા ગરબા મહોત્સવો સુધી દરેક સ્થળે ખેલૈયાઓ પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈ ગરબે ઘૂમતા જોવા મળ્યા હતા. ઢોલના તાલે અને લોકગીતોની સુરાવલીઓ સાથે ખેલૈયાઓએ રાસ-ગરબાની રમઝટ જમાવી હતી. પ્રથમ નોરતે જ ગરબા મેદાનોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતાં નવરાત્રિનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો હતો. મોડી રાત સુધી ગરબાની રમઝટ ચાલુ રહી હતી અને શહેરભરમાં નવરાત્રિનો માહોલ છવાયો હતો. નવરાત્રિ મહોત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુરત શહેર પોલીસ દ્વારા પણ શહેરભરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોલીસની વિવિધ ટીમો દ્વારા રાત્રિ દરમિયાન પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું, જેથી ગરબા મહોત્સવ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય. આજે સોમવારે નવરાત્રિના બીજા નોરતે પણ શહેરનાં વિવિધ ગરબા મેદાનોમાં ખેલૈયાઓનો ઉત્સાહ જળવાઈ રહેવાની આશા છે અને રાત્રે ફરી એકવાર ગરબાની રમઝટ જામશે.

# કોંગ્રેસ અગ્રણીઓ, કાર્યકરોની અટકાયત

## કોંગ્રેસની આગેવાની હેઠળ ઈન્ડિયા બ્લોકના રાજકીય પક્ષો રેલી શરૂ કરે તે પૂર્વે જ બળજબરીપૂર્વક પોલીસ અગ્રણીઓને ઉઠાવી ગઈ




(તસવીર : પ્રદીપ ગોહિલ)

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે ગત શનિ અને રવિવારના રોજ દિલ્હીમાં સીજેપીના આંદોલન બાદ આજે સવારથી કોંગ્રેસની આગેવાની હેઠળ દિલ્હીમાં વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. આ સાથે સુરત શહેર કોંગ્રેસ દ્વારા આજે ઈન્ડિયા બ્લોકના સહયોગી રાજકીય પક્ષો સાથે રેલીનું આયોજન પોલીસે નિષ્ફળ બનાવી દીધું છે. વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ પાસેથી રેલી નીકળે તે પૂર્વે જ પોલીસે કોંગ્રેસના આગેવાનો તથા કાર્યકરોની આટક કરી લીધી છે.

સરપ્રક્રિયા દરમિયાન મતદારોનો અધિકાર નાબુદ કરી દેવાના આરોપ સાથે કોંગ્રેસની આગેવાની હેઠળ ઈન્ડિયા બ્લોકના રાજકીય ઘણા દિવસોથી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે કરોડો મતદારોના મતદાર યાદીમાં પુનઃ સમાવેશ કરવાની માંગણી સાથે આંદોલન કરી રહ્યા છે. દરમિયાન આજે સુરત શહેર કોંગ્રેસની દ્વારા વનિતા વિશ્રામ ગ્રાઉન્ડથી કલેક્ટર કચેરી સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦.૩૦ કલાકે કોંગ્રેસની આગેવાની હેઠળ ઈન્ડિયા બ્લોકના રાજકીય પ્રશ્નોની રેલી શરૂ થાય તે પૂર્વે જ પોલીસે વિવિધ અગ્રણીઓ તથા કાર્યકરોની અટક કરી લીધી હોવાનું જાણવા મળે છે. પોલીસે બળજબરીપૂર્વક આગેવાનો તથા કાર્યકરોને બસમાં ભરીને અટકાયત સ્થળે લઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે.

# નવસારી મહાનગર પાલિકાના કર્મચારીઓની સજ્જડ હડતાળ

## સફાઈ કામદારો તથા કોન્ટ્રાક્ટરના કર્મચારીઓ પણ હડતાળમાં જોડાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

નવસારી મહાનગરપાલિકાના કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટ પર કામ કરતા શ્રમિકો પગાર તથા ભથ્થાંમાં વધારો કરવાની માંગ સાથે હડતાળ પર ઉતરતાં મહાનગરપાલિકાની કામગીરી પર અસર પડી છે. તહેવારોના દિવસોમાં જ હડતાળ શરૂ થતાં શહેરીજનોની મુશ્કેલીમાં વધારો થયો છે. વોટર વર્ક્સ, સેનેટરી, દબાણ હટાવવાની કામગીરી અને ફાયર વિભાગ સહિતના મહત્વના વિભાગોના કર્મચારીઓ કામથી અળગા રહેતાં નાગરિક સેવાઓ ખોરવાઈ છે. કર્મચારીઓના જણાવ્યા મુજબ, સમયસર પગાર ન મળવો અને લાંબા સમયથી પગાર તથા ભથ્થાંમાં વધારો ન થવાને કારણે કર્મચારીઓમાં અસંતોષ છે. આ અંગે અગાઉ અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ ઉકેલ ન આવતાં હડતાળનું પગલું ભરવાની ફરજ પડી હોવાનો કર્મચારીઓએ આક્ષેપ કર્યો છે. અધિકારીઓ અને લોકપ્રતિનિધિઓ દ્વારા તેમની માંગણીઓ પર પૂરતું ધ્યાન આપવામાં આવ્યું ન હોવાનો પણ રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. હડતાળની સૌથી વધુ અસર પાણી પુરવઠા અને સફાઈ વ્યવસ્થા પર જોવા મળી રહી છે. વોટર વર્ક્સ વિભાગના આશરે ૭૦ કર્મચારીઓ કામથી દૂર રહેતાં પાણી પુરવઠાની કામગીરી ખોરવાઈ છે. બીજી તરફ, ૩૦૦થી વધુ સફાઈકર્મીઓ હડતાળમાં જોડાતાં શહેરના વિવિધ વિસ્તારોમાં કચરાના ઢગલા એકત્ર થવાની સ્થિતિ સર્જાઈ છે. સમયસર કચરાનો નિકાલ ન થતાં ગંદકી વધવાની અને રોગચાળો ફેલાવાની ભીતિ પણ ઊભી થઈ છે. હડતાળને પગલે મહાનગરપાલિકાની દૈનિક સેવાઓ પર અસર પડતાં નાગરિકોને હાલાકી ભોગવવી પડી રહી છે. હવે કર્મચારીઓની પગાર અને ભથ્થાં વધારાની માંગ અંગે તંત્ર કેવો નિર્ણય લે છે અને હડતાળનો ઉકેલ ક્યારે આવે છે તેના પર સૌની નજર છે.

# ગાલ પર તમાચા ઝીંકી દેવાતા જમીન પર પડેલી મહિલાનું મોત

## કઠોર ગામની મહિલાના મોત અંગે પોલીસે એડી દાખલ કરી વધુ તપાસ હાથ ધરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

કઠોર ગામ ખાતે આઈસ્ક્રીમ ખાઈ રહેલી એક મહિલાને તમાચા મારવામાં આવતા તેણી જમીન પર પટકાતા તેનું મોત નીપજ્યું હતું. હાલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ મૂળ કામરેજ તાલુકાના હલધરુ ગામના વતની અને હાલ કઠોર ગામના પટેલ ટેકરા ખાતે તાપી નદીના કિનારે રહેતા રૂકેયાબીબી ઈલ્યાસમીયા ઈબાદમીયા શેખ (ઉ.વ.૩૭) સાંજના સુમારે કઠોર ગામમાં રેફરલ હોસ્પિટલ સામે અને ગલીયારા સ્કૂલની બાજુમાં રોડ પર ઊભેલા આઈસ્ક્રીમના ટેમ્પા પાસે આઈસ્ક્રીમ ખાવા ગયા હતા. તે સમયે કઠોર તરફથી આવેલી એક રિક્ષામાંથી કઠોર ગલીસ્તાન નગર ખાતે રહેતી સબાના તથા તેની દીકરીઓ તરન્નુમ અને તબસ્સુમ આવી પહોંચી હતી. તેમણે કાંઈ પણ બોલ્યા-ચાલ્યા વગર રૂકેયાબીબીને ગાલ પર બે-ત્રણ ઝાપટો મારી દીધી હતી. સબાનાએ "તું મારી દીકરી તરન્નુમના પતિથી દૂર રહેજે" કહીને ગાલ પર તમાચા માર્યા હતા. આ ધક્કામુક્કી દરમિયાન રૂકેયાબીબી નીચે પડી જઈ બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે કઠોર ગામની રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. હાલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઘર ખર્ચ માટે વહુએ પૈસા માંગતા પતિ-સાસુનો હુમલો

## દહેજની માંગણી કરી ત્રાસ આપી સાસરિયાએ પરિણીતાને કાઢી મૂકી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

સુરતના લાલગેટ વિસ્તારમાં પરિણીતાને દહેજની માંગણી સાથે શારીરિક અને માનસિક ત્રાસ આપવાની તેમજ માર મારી પુત્રી સાથે ઘરમાંથી કાઢી મૂકવાની ઘટના સામે આવી છે. ઘરના રાશન માટે પતિ પાસે પૈસા માંગતાં પતિએ ઝઘડો કરી માર માર્યો હોવાનો અને સાસુએ પણ મારપીટ કરી હોવાનો પરિણીતાએ આક્ષેપ કર્યો છે. આ ઉપરાંત પતિએ ફરી ઘરમાં આવવા પર જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનીફરિયાદ નોંધાતાં પોલીસે પતિ સહિત પાંચ સાસરિયાં સામે કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદ મુજબ, પરિણીતાના લગ્ન બાદ થોડા સમયથી જ પતિ ખાલીદ ઉસ્માનગની મેમણ તેને કંઈ કામ આવડતું નથી તેમ કહી ગાળો આપતો અને ઢીકમુક્કીનો માર મારતો હતો. પતિ ઉપરાંત સાસુ નાઝીયા મેમણ, સસરા ઉસ્માનગની મેમણ, મોટા સસરા ઈરફાન મેમણ અને નણંદ રૂસદા મેમણ દ્વારા દહેજની માંગણી કરી એકબીજાની મદદથી શારીરિક તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ગત ૧૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૧ વાગ્યાના અરસામાં પરિણીતાએ ઘરના રાશન માટે પતિ પાસે પૈસા માંગ્યા હતા. આ બાબતે પતિએ ઝઘડો કરી તેને માર માર્યો હતો. તે વખતે સાસુએ પણ ઝઘડો કરી મારપીટ કરી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ત્યારબાદ પતિએ પરિણીતાને તેની પુત્રી ઝૈનબ સાથે ઘરમાંથી કાઢી મૂકી હતી. એટલું જ નહીં, ફરી ઘરમાં આવવા પર જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાતાં પોલીસે પતિ ખાલીદ મેમણ સહિત સાસુ, સસરા, મોટા સસરા અને નણંદ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કાપડના વેપારી સાથે રૂા.૪૨.૫૨ લાખની ઠગાઈ

## માલ ખરીદી ત્રણેય ઠગોએ દુકાન અને ફોન પણ બંધ કરી દીધી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

કાપડના વેપારમાં ઉધારમાં માલ ખરીદ્યા બાદ નાણાં ચૂકવ્યા વિના વેપારી સાથે રૂ. ૪૨.૫૨ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ સામે આવી છે. દલાલો મારફતે સંપર્કમાં આવેલા ત્રણ વેપારીઓએ ઓર્ડર મુજબનો કાપડનો માલ મેળવ્યા બાદ નિયત સમયમર્યાદામાં પેમેન્ટ ચૂકવ્યું ન હતું. વારંવાર ઉઘરાણી કરવા છતાં વાયદા કરવામાં આવતા હતા, પરંતુ બાદમાં વેપારીઓએ પોતાના મોબાઈલ ફોન અને ઓફિસો બંધ કરી દેતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

ફરિયાદી અલ્પેશભાઈ ધીરુભાઈ પાચાભાઈ સાવલિયા (ઉં.વ. ૩૮),

અનુસંધાન પાના ૭ પર

# કારના બોનેટ પરથી રૂા.૧.૨૦ લાખ સાથેની બેગની ચોરી

## વેપારી જયેશભાઈ નાયકની બેગમાં આઈપેડ અને લીકર પરમીટ પણ હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

શહેરમાં વાહનોની આસપાસથી ચોરીની ઘટનાઓ વચ્ચે અડાજણમાં કારના બોનેટ પર મૂકેલી વેપારીની બેગ અજાણ્યો ચોર તફડાવી ગયો હોવાની ઘટના સામે આવી છે. બેગમાં રૂ. ૧.૨૦ લાખ રોકડા ઉપરાંત આઈપેડ, હિસાબની ડાયરી, અગત્યના દસ્તાવેજો અને લિકર પરમિટનું લાઈસન્સ સહિતની વસ્તુઓ હતી. વેપારીની ફરિયાદના આધારે અડાજણ પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અડાજણમાં પરશુરામ ગાર્ડન પાસે આવેલા અષ્ટવિનાયક રો હાઉસમાં રહેતા ૫૪ વર્ષીય વેપારી જયેશભાઈ રણજીતભાઈ નાયકની

અનુસંધાન પાના ૭ પર

**ડુપ્લીકેટ શેરસર્ટીફિકેટ કાઢી આપવા અંગેની જાહેર નોટીસ**

શહેર સુરતના **નાનપુરા વિસ્તારમાં** હિરામાણેક સ્ટ્રીટમાં આવેલ સીટીસર્વે વોર્ડ નં.૦૧, સીટીસર્વે નં.૪૩૨ તથા ૪૩૩ વાળી મિલકત કે જેનું ક્ષેત્રફળ સુમારે ૨૩૨.૭૮૦૬ ચો.મી. છે જેના ઉપર શાંતિકુંજ એપાર્ટમેન્ટ ઓનર્સ એસોસીએશન (NTC) (રજી.નં.જી-૨૦૦૫, તા.૨૬/૦૯/૧૯૮૮) દ્વારા બાંધવામાં આવેલ "શાંતિકુંજ એપાર્ટમેન્ટ" ના નામથી ઓળખાતી બિલ્ડીગમાં આવેલ ફલેટો પૈકી ત્રીજામાળે આવેલ ફલેટ નં.૩૦૩ વાળી મિલકત.

સોસાયટીના મૂળ પ્રાથમિક સભાસદ તરીકે **સુધાબેન વિજયકુમાર ભોજક** ને રૂા.૧૦૦/- ના એક એવા શેર સર્ટીફિકેટ નં.૩ થી તા.૨૧/૦૩/૧૯૮૯ ના રોજ ફાળવી આપવામાં આવેલો છે અને મજકુર એસોસીએશન દ્વારા તેણીને તા.૨૧/૦૩/૧૯૮૯ ના રોજ એલોટમેન્ટ લેટર પણ ફાળવવામાં આવેલ હતા, તેણીએ મજકુર ફલેટ ક્રમશઃ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ આપતા હાલ ફલેટના ધારણકર્તા **શારદા સતીષ મોઈલી** ચાલી આવેલ છે. તેમણે **'ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ મેળવવા"** સોસાયટીને અરજી કરેલ છે જો કોઈને તે બાબતે વાંધો, વિરોધ કે બેંક લોન હોય કે બોજો યા લીયન હોય તો દિન-૭ માં સોસાયટીને લેખિતમાં જાણ કરવી. મુદત વિત્યે તેઓને ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ ઈસ્યુ કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**પ્રમુખ/સેક્રેટરી**

**શાંતિકુંજ એપાર્ટમેન્ટ ઓનર્સ એસોસિયેશન (NTC)**

સહી/- સેક્રેટરી | સહી/- પ્રમુખ

